Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 05

February, 2018



(અનુષ્ટુપ)

પ્રીછવા સદ્ગુરુને તો તાકાત જીવની નથી,
એવી કૈં શક્યતાયે ના, છતાં બુદ્ધિ મરે મથી,
પોતાને એકલો માત્ર પોતે જાણી શકે જ તે,
एने સૌ જાણવાનાં તે મિથ્યા ફાંફાં જ સર્વ છે.

તમારે જાણવો હોય एवाने જો ખરેખરો,
રાખો સંબંધ ભક્તિથી મેળથી પરખાય તો.
જાણવા, માનવાથીયે ઓળખાતો કદી ન છે,
એકલી ભક્તિથી માત્ર તેમાં પ્રવેશ થાય છે.

શ્રીમોટા

'શ્રીસદ્ગુરુ' પ્ર. આ.

# આમંત્રણ પત્રિકા

આત્મીય સ્વજન શ્રી, સાદર હરિઃૐ

ચૈત્ર સુદ નોમ (રામનવમી) એ પૂજ્ય શ્રીમોટાના ૮૦ મા સાક્ષાત્કારદિને પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સહુ સ્વજન ભાઈબહેનોના મિલન સમારંભના યજમાન બનવાનો અમોને અવસર પ્રાપ્ત થયો છે. અનેરા એવા આ 'ઉત્સવ' માં આપ સહુને પરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન - શ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી તેમ જ જોષી પરિવાર,** ચલથાણ, સુરત.

## પ્રોગ્રામની રૂપરેખા

**શનિવાર, તા. : ૨૪-૦૩-૨૦૧૮** સાંજના

૦૬ : ૦૦ થી ૦૬ : ૩૦ : હરિઃૐ ધૂન (લવાછા મંડળ)
૦૬ : ૩૦ થી ૦૮ : ૦૦ : ગુરુમહિમા (વક્તાશ્રી મેરાણભાઈ ગઢવી)
૦૮ : થી ..... : પ્રસાદ

**રવિવાર, તા. : ૨૫-૦૩-૨૦૧૮** સવારના

૦૭ :૩૦ થી ૦૮ : ૦૦ : નામસ્મરણ-ધૂન
૦૮ : ૩૦ થી ૦૯ : ૦૦ : નિત્ય પ્રાર્થના - આરતી
૦૯ : ૦૦ થી ૦૯ : ૪૫ : વક્તાશ્રી ઉદય કૌશિકજી,
(ચૅરમૅન શ્રી, કૈલાસ માનસરોવર નિષ્કામ સેવા સમિતિ - ન્યુ દિલ્હી)
૦૯ : ૪૫ થી ૧૦ : ૪૫ : ભજનો
૧૦ : ૪૫ થી ૧૧ : ૩૦ : વક્તા શ્રી બળવંતભાઈ જાની,
(ચાન્સેલર શ્રી, સાગર યુનિવર્સિટી - મધ્ય પ્રદેશ)
૧૧ : ૩૦ થી ૧૨ : ૦૦ : ઍવોર્ડ, યજમાન આભાર વિધિ, અર્પણવિધિ અને ગુરુવંદના
૧૨ : ૦૦ થી ......... : પ્રસાદ




**મિલન સમારંભ - ઉતારાનું સ્થળ :**
શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટની વાડી, આંબાતલાવડી, કતારગામ, સુરત.

વિજ્ઞપ્તિ :

શનિવારને તા. ૨૪-૦૩-૨૦૧૮ ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનો, આપનો આવવાનો સમય અને સંખ્યા અંગે તા. : ૨૦-૦૩-૨૦૧૮ સુધીમાં એસ.એમ.એસ. કે મોબાઈલથી આ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**વિપુલ જોષી** : ૯૬૮૭૮૩૮૩૦૯ / **શિવલાલ જોષી** : ૯૮૨૪૪૮૦૭૧૩ / ફોન : (૦૨૬૨૧) ૨૫૨૭૨૬

**નિમંત્રક : હૃદયસ્થ. મનસુખભાઈ ત્રિભોવનદાસ જોષી**
**ગિરધરભાઈ જોષી** : ૯૮૨૪૪૮૦૭૧૨ / **ઇચ્છાશંકર જોષી** : ૯૮૨૪૧૦૨૯૮૧
**શિવલાલ જોષી** : ૯૮૨૪૪૮૦૭૧૩ / **કાંતિલાલ જોષી** : ૯૮૨૫૫૭૮૦૭૯
**કિરીટ જોષી તેમ જ સમગ્ર પરિવારજનો** - ચલથાણ, સુરત.

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨ અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. ખરો તે રાજ્યકર્તા છે ........ શ્રીમોટા ૪
૨. છપ્પા ........ અખો ૫
૩. સપ્તપદી ........ પાંડુરંગ આઠવલે ૭
૪. નાદને બ્રહ્મ કહેલો છે ........ શ્રીમોટા ૯
૫. અર્થહીન મતમતાંતર ........ સ્વામી પ્રકાશાનંદ ૧૦
૬. મોત ઉપર મનન ........ ફીરોઝ દાવર ૧૨
૭. આપણે હજી એક કીડીના પગ જેટલું પણ હાલ્યાં નથી ... શ્રીમોટા ૧૪
૮. અજ્ઞાનીનાં લક્ષણો ........ સંત જ્ઞાનેશ્વર ૧૫
૯. હું તો સન્યાસી છું, એટલે સેવક છું ...... સ્વામી વિવેકાનંદ ૧૭
૧૦. શ્રીરંગ અવધૂત ભક્તને પ્રત્યક્ષ છે ........ શ્રીમોટા ૧૮
૧૧. મનુષ્ય સાંપ્રદાયિક બની ગયો છે ........ હજૂર સાવનસિંહજી મહારાજ ૧૯
૧૨. સમયનો સદ્ઉપયોગ ........ શ્રી કેદારનાથજી ૨૧
૧૩. મને લૂંટી લો ........ શ્રીમોટા ૨૪
૧૪. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ...... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૨૫

## જ્ઞાનદાન / સહયોગ

**(૧) પૂજ્યશ્રી મોટાના સ્વજન શ્રી જયંતીભાઈ એચ. શાહ (અમદાવાદ) તરફથી તેમની જન્મ તા. (૫-૨-૧૯૩૨) નિમિત્તે ફેબ્રુઆરીના આ અંક માટે જ્ઞાનદાન અપાયેલ છે.**

**અને**

**(૨) વડોદરા નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી ઠાકોરલાલ કાલીદાસ શાહ તરફથી તેઓશ્રીનાં સદ્‌ગત ધર્મપત્ની શ્રીમતી ઊર્મિલાબહેનની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ (તા.૫-૨) નિમિત્તે સહયોગ અપાયો છે.**

**આ બન્ને પરિવારના અમો ઘણા ઘણા આભારી છીએ.**

**- સંપાદક**

## (૧) ખરો તે રાજ્યકર્તા છે

શ્રીમોટા

(ગઝલ)

ગરીબનું દુઃખ ભાંગે જે, અદલ ઇન્સાફ તોળે જે,
ગરીબની ભાળ જે લે છે, ખરો તે રાજ્યકર્તા છે.
તવંગર કે ભિખારીને જુએ છે એકસરખું જે,
બધાં પર પ્રેમ સરખો છે, ખરો તે રાજ્યકર્તા છે.
બધી રૈયતતણી માતા સમી સંભાળ રાખે જે,
પ્રજાહિત જે હૃદય ધારે, ખરો તે રાજ્યકર્તા છે.

જમાડીને જમે છે જે, સુવાડીને સૂવે છે જે,
રમાડીને રમે છે જે, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનનો ધર્મ પાળીને, પળાવે ધર્મ સહુને જે,
કરે જે ધર્મની રક્ષા, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે જીવે છે જે, પ્રજા કાજે મરે છે જે,
'પ્રજાજીવન' મુકુટ જેનો, ખરો તે રાજ્યકર્તા છે.

પ્રજાદિલને ચઢી તખ્તે, પ્રજાનો પ્રેમ ઝંખે જે,
પ્રજાને પ્રાણથી પ્યારો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે સદા જેના બધા દરબાર ખુલ્લા છે,
પ્રજાને જે જીવન માને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનનાં સર્વ પાસાંમાં ઊંચે લાવે પ્રજાને જે,
કરે છે ન્યાલ રૈયતને, ખરો તે રાજ્યકર્તા છે.

જીવન નિજનું સમાવીને પૂરેપૂરું પ્રજાજીવને,
ભળે છે એકરસથી જે, ખરો તે રાજ્યકર્તા છે.
ગળી જઈને પૂરેપૂરો પ્રજામાં એકભાવે જે,
રસાયેલો પ્રજાદિલમાં, ખરો તે રાજ્યકર્તા છે.

'જીવનસ્ફુલિંગ', બી. આ., પૃ. ૧૦૩
પ્રેષક : શ્રી બીરેન જે. પટેલ

❑

(૧)

**વિશ્વ-વસ્તુમાંહી શાનો ફેર ? જયમ મણ એક ને ચાળીશ શેર;**
**નાહાનાં કાટલાં તે આ પંડ, મણ-સ્થાને વૈરાટ બ્રહ્માંડ.**
**હરિમાં વિશ્વ ને વિશ્વમાં હરિ, એમ અખા સહુ ઘેરનું ઘેર (૧૯૯)**

એક મણના વજન અને ચાળીસ શેરના વજનમાં તફાવત નથી, તેવી રીતે બ્રહ્મ અને વિશ્વમાં કશો ફરક નથી. વિરાટ વિશ્વ અને તેમાં આવેલાં શરીરની સરખામણી કરીએ તો કહી શકાય કે વિશ્વ એક મણના વજન જેવું છે, જ્યારે વિશ્વમાંનાં શરીર શેર-શેરના વજન-કાટલાંને સ્થાને છે.

આમ, હરિમાં વિશ્વ સમાયું છે અને વિશ્વમાં હરિ વસ્યો છે. એ રીતે બધું એકનું એક એકરૂપ છે.

(૨)

**જાજરો જીવ તે જુક્તિ શું કરે, એ પ્રકૃતિ પાપણી પૂંઠે ફરે ?**
**જે જે સાધન સાધે સહાય, તે જ વાતના મળ બંધાય;**
**અખા અમળ થયાનું કામ, અને રાખવા હીંડે સહુ કો નામ. (૨૦૪)**

પાપણી માયા લોભાવવા માટે તેની પાછળ ને પાછળ ફર્યા કરતી હોય ત્યાં તદ્દન નિર્બળ થઈ ગયેલો જીવ, તેનાથી બચવા ઉપાય પણ શો કરી શકે ?

ઈશ્વરનું શરણ શોધે છે, પણ તેની ઉપાસના માટે જે જે સાધનની (બાહ્યાચારની) સહાય લે છે તેનાથી ઊલટો મળ (વિકાર) વધે છે. પરમાત્માને મેળવવા માટે ખરી જરૂર મનને અમળ, શુદ્ધ બનાવવાની છે, પણ તેને બદલે સૌ પોતાનું નામ રાખવા, પોતપોતાનો પંથ શ્રેષ્ઠ છે, એમ બતાવવા મથે છે.

(૩)

**નહિ પાપી ને નહિ પુણ્યવંત, એમ લહે તે સાચા સંત;**
**કાળચક્ર સ્વભાવે ફરે, સહેજે ઊપજે સહેજે મરે,**
**એમ જાણી અખા જા ભળી, આ પુનરપિની કચકચ ટળી (૨૨૩)**

જગતમાં કોઈ પાપી નથી કે કોઈ પુણ્યશાળી નથી, એમ જે સમજે છે, તે સાચા સંત છે.

કાળનું ચક્ર એના સ્વભાવ પ્રમાણે ફર્યા કરે છે અને સહુ સહજ રીતે, તેનો સમય આવતાં જન્મે છે અને મૃત્યુ પામે છે. આવું સમજીને હરિમાં ભળી જા તો જન્મમરણની ઉપાધિ ટળે.

(૪)

**ભક્તિ કરતાં ભરમે બહુ, પણ ભજનભેદ ન જાણે સહુ.**
**જયાંહાં સૂચિ-અગ્ર રહેવા નહિ ઠામ, એમ ભરી-પૂરી રહ્યો છે રામ.**
**ત્યાંહાં તો કરતા દીસે ઘાત, તો એમ અખા કયમ આવે ધાત ? (૩૧૮)**

ભક્તિ કરતાં માણસો ભ્રમમાં પડી જાય છે અને ભક્તિની ખરી રીત જાણતા નથી.

રામ-પરમાત્મા સર્વત્ર એવો સભર ભર્યો છે કે એક સોયની અણી જેટલી જગ્યા પણ તેના વગરની નથી. ભક્તિ કરનારા આ લોકો મૂર્તિપૂજા કરીને રામ સર્વત્ર રહેલો છે, એવી આ સમજ ઉપર જ ઘા કરે છે. એવાઓને આ સત્ય કેવી રીતે સમજાય ?

(૫)

**કો ભક્ત થઈને નિંદે જ્ઞાન, કો ભક્તિ નિંદી આણે અભિમાન.**
**વૈરાગી કહે : જૂઠા બે, સાચો સંસાર મૂકી રહે.**
**એણે દ્વેષે હરિ કહીંયે રહી ગયો, અખા અહંકાર આગળ ગયો. (૪૫૫)**

કેટલાક ભક્ત જ્ઞાનની નિંદા કરે છે. કેટલાક ભક્તિની નિંદા કરી ગર્વ લે છે. વૈરાગી કહે છે કે જ્ઞાન અને ભક્તિ બન્ને જૂઠાં છે, સાચો તો સંસારનો ત્યાગ કરનાર વૈરાગી જ છે.

એકબીજાના આવા દ્વેષભાવને લીધે હરિ તો દૂર જ રહી જાય છે અને અહંકાર જ આગળ આવે છે.

(૬)

**નવ દીસે તેહને સત્ય જાણ, દીસે તેહને નાશ પ્રમાણ્ય;**
**દૃષ્ટ પદારથ જૂઠો થાય, જયમ ઘાટદૃષ્ટિ હેમે ઠહેરાય.**
**પ્રસર્યું આપ સચરાચર વિષે, એમ જોતાં પદ પામ્યું અખે. (૪૬૬)**

જેમ પ્રથમ ઘરેણાંનો આકાર દેખાય છે, પણ પછી દૃષ્ટિ સુવર્ણ ઉપર સ્થિર થાય છે ત્યારે બધું સુવર્ણ જ દેખાય છે અને આકાર અદૃષ્ટ રહે છે. તેવી રીતે પ્રથમ દૃષ્ટિએ નામ-રૂપવાળી જે સૃષ્ટિ દેખાય છે, તે નાશવંત છે, જોવા પૂરતી સાચી છે. જ્યારે જે પ્રથમ દૃષ્ટિએ દેખાતું નથી તે બ્રહ્મ સત્ય અને સનાતન છે.

બ્રહ્મ સચરાચરમાં રહેલું છે, એમ સમજાય છે ત્યારે બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે.

'અખાની કાવ્યકૃતિઓ ખંડ-૧', બી.આ.માંથી સાભાર ❑

### જપયજ્ઞની પ્રજ્વલિત રહેલ જ્યોત

પૂજ્ય શ્રીમોટાએ સ્વજનોને નામસ્મરણનું સાધન ચીંધેલ છે. તેઓશ્રીની જ કૃપા સહાયથી સુરતનાં સ્વજનોએ તા.૧૭-૨-૨૦૦૨, વસંત પંચમી, રવિવારના મંગલ દિને શ્રી જયંતીભાઈ જાનીના સહયોગથી જપયજ્ઞની જ્યોત, સદ્‌ગત ઉપેન્દ્રભાઈ અલમૌલાના નિવાસસ્થાનેથી પ્રજ્વલિત કરેલી તેને હવે ૧૬ વર્ષ જેવો ઉલ્લેખનીય કાર્યકાળ પૂર્ણ થતો હોઈ તે નિમિત્તે તા.૧૮-૨-૨૦૧૮, રવિવારના રોજ સવારના ૧૦ થી ૧૨-૩૦ના સમય દરમિયાન હરિઃૐ ધૂનનો કાર્યક્રમ સુરત મુકામે છેલ્લાં બે વર્ષથી જે સ્થળે જપયજ્ઞ ચાલી રહ્યો છે તે સ્થાને એટલે કે કલ્પના હૉલમાં રાખવામાં આવેલ છે. **- સંપાદક**

## (૩) સપ્તપદી

**પાંડુરંગ આઠવલે**

લગ્ન એ માનવજીવનની એક એવી નિશ્ચિત ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનારના પણ લગ્ન તો થઈ જ જાય છે. મોટા ભાગના લોકો લગ્ન તરફ ઉપરછલ્લી નજરે જોતા હોય છે. આંતરસંસ્કારો કરતાં બહિરંગને અધિક મહત્ત્વ અપાઈ રહ્યું છે. આવાં લગ્નોમાં મોહ, પ્રેમનો અંચળો ઓઢીને ફરતો દેખાય છે. **દિલ કરતાં દૃષ્ટિને અહીં વધુ પ્રાધાન્ય અપાય છે.**

કેવળ ભોગવિલાસ માટે પરણતા માનવના જીવનમાં સંવાદિતા જોવા મળતી નથી. નિત્યનો વિવાદ એમના જીવનમાં વિખવાદ સર્જે છે. લગ્ન કરવા માટે એવી જ વ્યક્તિ લાયક છે કે જેનામાં પ્રેમ કરવાની તાકાત છે. એકબીજાના ગુણદોષોને સહી લેવાની વૃત્તિ-સહનશીલતા જ સફળ લગ્નની સર્જક બને છે. સુયોગ રીતે ગોઠવાઈ જવું એ ઉભયપક્ષનો જીવનમંત્ર હોવો જોઈએ.

**લગ્નમાં પુરુષ કરતાં સ્ત્રીનું પ્રાધાન્ય વિશેષ છે, કારણ કે સ્ત્રીએ પોતાનું જીવન પુરુષમાં ભેળવી દેવાનું છે.** લગ્ન એ પુરુષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન છે. પુરુષ ગદ્ય હશે અને સ્ત્રી પદ્ય હશે. આ ગદ્યપદ્ય સંગ્રહનું નામ જ છે લગ્નજીવન. નદી જેમ પોતાના રંગ, રૂપ, આકાર વગેરે ત્યજીને સાગરમાં ભળી જાય છે, તે જ રીતે સ્ત્રી પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પુરુષમાં ભેળવી દે છે. દૂધમાં ભળી ગયેલી સાકર દેખાતી નથી અને છતાં દૂધની મીઠાશને વધારે છે, તે જ પ્રકારે સ્ત્રી ગુપ્ત રહીને પુરુષના જીવનની મધુરતા વધારે છે. વ્યંજનમાં ભળેલો સ્વર દેખાતો નથી, પણ સ્વર વગરનો વ્યંજન લંગડો છે.

પતિપત્નીના જીવનમાં કોઈ મહાન ધ્યેય હોવું જોઈએ. પતિના તેજની સામે ઝૂકવામાં સ્ત્રીનો આનંદ અને પત્નીને કેવળ ભોગદાસી ન સમજતાં તેનું સાચું સન્માન કરવામાં પુરુષની પ્રસન્નતા હોવી જોઈએ. પતિપત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલા, વિશ્વાસપૂર્ણ અને સંશયથી પર હોવા જોઈએ. સંસારના આ બધા મધુર ભાવો જો પ્રભુ તરફ વળે તો એ જ સાચી ભક્તિ બની રહે.

**લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે.** લગ્નસંસ્કારમાં આવતી સપ્તપદી એ ચિરસહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે. આજે જ્યારે વ્યક્તિ સ્વાતંત્ર્યનો પવન ચોમેર ફૂંકાવા લાગ્યો છે અને ઠેર ઠેર સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાનાં બણગાં ફૂંકાય છે ત્યારે તો સપ્તપદીમાંની વરવધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી લાગે છે. સ્ત્રી, પુરુષ સમાન બને એમાં સ્ત્રીનો વિકાસ નથી. સ્ત્રી પણ પુરુષની માફક અર્થોપાર્જન કરી શકે એમ કહીને કેટલાક ચાલાક લોકોએ પુરુષોની કમાવાની એકમાત્ર જવાબદારીનો બોજો પણ અનેક જવાબદારીઓથી લદાયેલી સ્ત્રી ઉપર નાખી દીધો છે.

સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં ક્યારેક તે થોડી અહંકારી અને ભોગવાદી બનવા લાગી છે. તેના જીવનમાં રહેલો સમર્પણભાવ સુકાવા લાગ્યો છે. પરિણામે સમાજમાં છૂટાછેડાના કિસ્સાઓ વધવા લાગ્યા છે. સ્ત્રી અર્થોપાર્જન ન

કરે અને છતાંય એને પારતંત્ર્ય સાલે નહિ એવી સુંદર વ્યવસ્થા આપણા શાસ્ત્રકારોએ કરી હતી. પુરુષ અર્થોપાર્જન કરે અને એનું કમાયેલું બધું સ્ત્રીના હાથમાં આપી દે. આમ, વિત્તની વ્યવસ્થા સંપૂર્ણ રીતે સ્ત્રીના હાથમાં રહે ત્યારે પુરુષ પણ પોતાને જોઈતા પૈસા સ્ત્રી પાસેથી માંગી લે એમાં સ્ત્રીનું ગૌરવ જળવાતું અને પુરુષ પણ યથેચ્છ પૈસો ન વાપરી શકવાથી સ્વૈરાચારથી અટકતો હતો. સ્ત્રી એ ગૃહની સામ્રાજ્ઞી ગણાતી. ઘર સ્ત્રીનું ગણાતું અને પોતાની પ્રેમશક્તિથી તે ઘરને સ્વર્ગ બનાવતી.

આજના કાળમાં લગ્નપ્રસંગનું ગાંભીર્ય જ ચાલ્યું ગયેલું જણાય છે. વિવાહ એ સંસ્કાર ન રહેતા સમારંભ બની ગયો છે. તેમાં મંત્ર-શ્રવણને બદલે મહેમાનોની સરભરાને વધુ મહત્ત્વનું ગણવામાં આવે છે. હવે પાવિત્ર્ય કરતાં પ્રદર્શનનું વધારે મૂલ્ય આંકવામાં આવે છે. ચલચિત્રોનાં અશ્લીલ ગીતોનો ઘોંઘાટ, ચારિત્ર્ય સૃજનના ભાવમંત્રોને અશ્રાવ્ય બનાવી દે છે.

**લગ્ન એ સ્ત્રીને માટે તો નવા અવતાર સમું છે.** નવું જીવન, નવું વાતાવરણ, નવા સંબંધીઓને તેણે આત્મસાત્ કરવાના હોય છે. સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે, એવું શાસ્ત્રવચન છે. તેથી જ વિવાહ સંસ્કારમાં સપ્તપદીનું આગવું મહત્ત્વ છે. આ સપ્તપદીમાં મધુર અને મનોહારી ભાવ રહેલો છે. વધૂ પોતાના પતિ માટેનો ભાવ અભિવ્યક્ત કરે છે. પતિની પ્રાપ્તિને પત્ની પોતાનું સૌભાગ્ય અને પોતાના જન્માંતરના પુણ્યકર્મનું ફળ માને છે. બીજી પ્રતિજ્ઞામાં તે સમગ્ર કુટુંબનું પાલન કરવાની તેમ જ યથાલબ્ધ પદાર્થોમાં સંતોષથી રહેવાની ખાતરી આપે છે. સ્ત્રી માત્ર પતિ સાથે જ ન પરણતાં સમગ્ર કુટુંબ સાથે જોડાય છે, એ ભારતીય આદર્શનું અહીં દર્શન થાય છે. કુટુંબના નાનામોટા દરેક સભ્યને પોતાનાં પ્રેમ અને સેવાથી વશ કરી લેવાની જવાબદારી પોતાને શિરે લે છે.

સંતોષ વગર સુખ નથી એ વાતની વધૂને પ્રતીતિ છે. સ્ત્રીનો અસંતોષ પુરુષને વધુ અર્થોપાર્જન માટે અનીતિના માર્ગે પ્રેરે છે અને અનીતિથી મેળવેલું ધન અશાંતિ અને અસુખનું કારણ બને છે. પતિ નિસ્તેજ બને કે બહારના લોકોની સમક્ષ લાચારી કરતો ફરે એ પતિવ્રતા સ્ત્રીને ગમતું નથી. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે. અરુંધતીએ વસિષ્ઠનો સંસાર આવો તેજસ્વી બનાવ્યો હતો અને તેથી જ લગ્ન વખતે વરવધૂને અરુંધતીનો તારો દેખાડે એવી વિધિ છે.

ત્રીજી પ્રતિજ્ઞામાં વધૂ, આજ્ઞાપાલક બનવાની અને રોજ સ્વાદિષ્ટ અને મધુર રસોઈ જમાડવાની ખાતરી આપે છે. મનગમતી રસોઈ એ જ મિષ્ટાન્ન ! સ્ત્રીને રસોડાની રાણી કહેવાય છે. રસોઈ કરવી એ સ્ત્રીને માટે ઉપહાસનું નહિ પણ ઉલ્લાસનું કામ છે. મહારાજ રસોઈ બનાવે અને સૌ પોતાના સમયે જમી જાય એ તો વીશી-લૉજ કહેવાય. વળી, મધુર વાતાવરણમાં જમાય એ જરૂરી છે. ક્લેશ, કંકાસથી યુક્ત વાતાવરણાં મિષ્ટાન્ન પણ ઝેર જેવું લાગે છે, જ્યારે પ્રેમાળ સંબંધ સૂકા રોટલામાં પણ માધુર્ય સર્જે છે.

**(અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)**

## (૪) નાદને બ્રહ્મ કહેલો છે

શ્રીમોટા

આપણે અત્યારે શરીરધારી છીએ. આપણે જે બોલીએ છીએ તે એક પ્રકારનો નાદ છે. શરીર ના હોય અને વાતાવરણમાં જે શબ્દનો નાદ થાય છે એમ અનેક કક્ષાના - અનેક ભૂમિકાઓના જુદા જુદા પ્રકારના નાદ છે. ચૌદ પ્રકારની ભૂમિકા છે અથવા સાત ભૂમિકા પણ કહે છે, પણ મને પોતાને તો ચૌદ ભૂમિકા પસાર કરવાની આવેલી.

સામાન્ય જીવને ડૂંટીમાંથી નાદ નથી નીકળતો. અનુભવીને જ ત્યાંથી - ડૂંટીમાંથી નાદ નીકળે છે અને દરેક સ્થળે સ્પર્શે છે. અનુભવીનો જે શબ્દ નીકળે એ જે હેતુને અનુલક્ષીને બોલાયો હોય, એ જેને માટે બોલાયો હોય એને બરોબર સ્પર્શે છે. જ્યારે જીવદશાવાળાને એવો ખ્યાલ હોય કે પોતે આને માટે બોલે છે, પણ એવી કોન્સ્યસનેશ-સભાનતા વધારે વખત ટકતી નથી. જ્યારે પેલા અનુભવીને વધારે વખત ટકે છે. તેમ જ 'કન્ટીન્યુઅસ'-સતત રહે છે. બંદૂક નિશાન ઉપર વાગે એમ એનો શબ્દ બરાબર ત્યાં જ જાય છે.

બાળકનો નાદ જુઓ. એની ઉંમર થતાં તેમાં ફરક પડે છે. અંતરિક્ષમાં જાય ત્યારે એ નાદ જુદો. પાછો પૃથ્વીને ફરતાં વાતાવરણમાંથી નાદ ચાલે છે. બ્રહ્માંડના વાતાવરણમાં શબ્દ છે. ગ્રહોમાં - સૂર્યોમાં નાદ છે. એ માત્ર અનુભવી પુરુષ જ સમજી શકે છે. એની સાથે બીજા કેટલા અનુભવી પુરુષો વાત કરી શકતા હોય છે. પ્રત્યેક અનુભવીનો નાદ જુદા જુદા પ્રકારનો. સાધના માટેનો નાદ જુદા પ્રકારનો. સાધના પક્વ થતી જાય છે તેમ નાદ બદલાતો જાય છે. પછી તો નાદનું વ્યક્ત થવા પણું ઓછું હોય એ પોતે એકલો જ સમજે - નાદ હોવા છતાં નથી એવા પ્રકારની ભૂમિકાનો પણ નાદ હોય છે. **નાદને બ્રહ્મ કહેલો છે.**

નાદને ભાવની સાથે સંબંધ રહે. ભાવ પછી ભાવાતીત અને પછી શૂન્ય. શૂન્યમાં પાછો નાદ છે. શૂન્યનો નાદ અવ્યક્ત છે. નાદ અને શબ્દ-જેમ આત્મા અને જીવ, આત્મા-ચેતન એ તો ઊંચામાં ઊંચી સ્થિતિ છે, પણ નાદમાં એવું નહિ હોં. નાદ તો જીવદશાવાળાને પણ અનુભવાય છે. આ તો સમજણ આપવા ખાતર ભેદ અપાયો છે.

જ્યારે આપણી ભાવનાનો વિકાસ થાય ત્યારે આપણે સંકુચિતતામાંથી મોકળાં થઈએ છીએ. સ્વાર્થ ઓછો થાય ત્યારે ભાવનાનો વિકાસ થાય એમ ગણાય, ભાવનાનો વિકાસ થાય એટલે ચિંતા, ક્લેશ, સંઘર્ષણો બધું ઓછું થઈ જાય, વિકાસ થતાં જે સંઘર્ષણો આવે છે એનો પ્રકાર જુદો છે અને આપણે દ્વંદ્વ અને ગુણમાં - જીવદશામાં હોઈએ છીએ ત્યારે જે સંઘર્ષણો થાય છે એનો પ્રકાર જુદો હોય છે. જે શ્રેયાર્થી થયો હોય એ જવા માગતો હોય સત્ તરફ, પણ ઘણા જન્મો સુધી અજ્ઞાનની પરિસ્થિતિમાં એ રહ્યો હોય - એનું એક પરિબળ એનામાં એકઠું થયેલું છે, એ એને પાછું ખેંચે છે. જ્યારે એ આગળ જવા મથે છે, એ વખતે ઘમસાણ-સંઘર્ષણ થાય છે. ભાવના જેમ જેમ વિકસતી જાય એમ એમ આ સંઘર્ષણ વધે છે.

'જોડાજોડ', પ્ર.આ. પૃ. ૧૦૨ ❑

## (૫) અર્થહીન મતમતાંતર

**સ્વામી પ્રકાશાનંદ**

મૂર્તિ દ્વારા નવધા ભક્તિ કરતાં કરતાં મૂર્તિમાં જે પરમાત્મા છે તે પરમાત્મા સ્થાવર-જંગમ સર્વ પ્રાણીમાત્રમાં વ્યાપક છે, એમ સમજીને સાથે સાથે સર્વાત્મભાવનું ચિંતન કરવું. ભાગવતમાં કહ્યું છે કે ભગવાનના ગુણોનું શ્રવણ કરતાં જ, અંતર્યામી મારામાં, સમુદ્રમાં, ગંગાજળની ગતિની પેઠે વચમાં તૂટે નહિ એવી મનની ગતિ રહ્યા કરે અને ગતિ રહેવામાં કોઈ પણ પ્રકારની ફળની ઈચ્છા કે ભેદદૃષ્ટિ ના હોય એ પુરુષોત્તમ પરમાત્મામાં નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે.

કોઈ પણ પ્રાણી એટલે કે પશુ, પક્ષી, મનુષ્ય, કીટ, પતંગ વગેરે બધાંમાં પરમાત્માને જ જોવાં. એટલે પરમાત્મા જુદે જુદે સ્વરૂપે જુદા જુદા હેતુથી પોતે જ હાજર થયેલા છે એમ જોઈ પ્રભુનું ચિંતન કરવું. **મૂર્તિની પૂજા કરવી અને બીજામાં રાગદ્વેષ કરવો એ યથાર્થ ભક્તિ નથી.** સર્વનો અંતર્યામી ભગવાન સર્વ પ્રાણીઓમાં સદા રહ્યો છે એની અવજ્ઞા કરીને માણસ જો મૂર્તિપૂજા કરે તો તે પૂજાનો ઉપહાસ કરે છે. સત્ રૂપે સર્વ પ્રાણીઓમાં રહેનાર ઈશ્વરની ઉપેક્ષા કરીને માણસ જો મૂર્તિપૂજન જ કરે તો તે મૂઢપણાથી રાખમાં જ હોમે છે એમ સમજવું.

પરમાત્મા સર્વવ્યાપક છે, છતાં કેટલાક મંદ અને સ્થૂળ બુદ્ધિવાળા માત્ર મૂર્તિમાં જ પ્રભુત્વ માની બીજાઓની ઉપેક્ષા કરે છે. એટલું જ નહિ, પણ બીજા દેવોની પણ નિંદા કરે છે. કેટલાક વૈષ્ણવો કહે છે કે ગાંડો થયેલો હાથી એક તરફથી આવતો હોય અને બચવા માટે બીજી તરફ જો શિવમંદિર હોય તો હાથીથી કચડાઈ મરી જવું સારું, પણ બચાવ માટે નજીકમાં શિવમંદિર હોય તોપણ ત્યાં જવું નહિ. એવી જ રીતે શૈવ મતવાળા વિષ્ણુની નિંદા કરે છે, અને એ મતવાળાનો અતિશય તિરસ્કાર કરે છે. ગુજરાત-કાઠિયાવાડમાં શૈવમત બહુ પ્રચલિત નથી. મુખ્યત્વે એ મતના અનુયાયીઓ કર્ણાટક, તૈલંગમાં જે લિંગાયત તથા જંગમ વગેરે છે, તેઓમાં છે. આ તરફના કેટલાક બ્રાહ્મણો પોતાને શૈવ કહે છે, પરંતુ તેઓ તો શંકર-મતના અદ્વૈતવાદીઓ છે, તેમ જ પંચાયતનના ઉપાસકો છે. તેઓ શૈવ કહેવાય નહિ.

શૈવ તથા વૈષ્ણવ આદિના મતમતાંતર આંધળાનાં દૃષ્ટાંત જેવાં છે. દરેક આંધળાએ હાથીનો જે ભાગ તેમના હાથમાં આવ્યો હતો, તેના આકાર પ્રમાણે હાથીનો આકાર કહ્યો હતો. હાથીના કાન જેના હાથમાં આવ્યા હતા. તેણે હાથીને સૂપડા જેવો કહ્યો, પગ જેના હાથમાં હતા તેણે થાંભલા જેવો કહ્યો વગેરે, વળી, પોતપોતાના હાથમાં આવેલા હાથીના અવયવ પ્રમાણે કલ્પના કરીને હાથીના સ્વરૂપ માટે પોત-પોતાનો મત સાચો છે, એમ તકરાર કરવા લાગ્યા અને એ તકરાર એટલી હદ સુધી પહોંચી કે તેઓ બધા માંહેમાંહે ગાળાગાળી અને મારામારી કરવા લાગ્યા. આ જોઈ આજુબાજુના લોકોને ઘણી જ ગમ્મત પડી અને તેઓ તેમની મૂર્ખતા ઉપર હસવા લાગ્યા. ટૂંકમાં વાસ્તવિક રીતે તેમાંના કોઈએ હાથીનું ખરું સ્વરૂપ જાણ્યું

નહિ. એવી જ રીતે શૈવ તથા વૈષ્ણવાદિ મતવાળાઓની અંધહસ્તિન્યાય જેવી સ્થિતિ છે, અને તેથી જ શંકરાચાર્ય ભગવાને રાગદ્વેષ નિર્મૂળ કરવાના આશયથી પંચાયતન દેવપૂજન કરવાનું કહ્યું છે, જેમાં એક દેવ મુખ્ય તથા ચાર ગૌણ હોય છે. (શ્રીકૃષ્ણ, શિવ, સૂર્ય, ગણેશ અને દુર્ગા-એ પંચાયતન છે.)

આવી રીતે પંચાયતન પૂજા પ્રથમ કરવી. પંચાયતન પૂજા દ્વારા મનનો મળદોષ દૂર કર્યા પછી વિક્ષેપદોષ માટે સગુણ બ્રહ્મની ઉપાસના કરવી, તે પછી બ્રહ્મની ઉપાસના કરી. **વેદમાં ઉપાસના શબ્દ છે અને પુરાણોમાં ભક્તિ શબ્દ વાપરેલો છે. એ બન્નેમાં કોઈ વધારે ભેદ નથી.** ભક્તિ એટલે પ્રેમ અને ઉપાસના એટલે નજીક બેસવું. એટલે કે પ્રભુના સાંનિધ્યમાં જવું.

એવી રીતે વેદ તથા શાસ્ત્રોમાં અને આચાર્યના ઉપદેશોમાં પણ મનના મળદોષના પરિહાર માટે નિષ્કામ કર્મ, વિક્ષેપદોષના પરિહાર માટે ઉપાસના અથવા ભગવદ્‌ભક્તિ મુમુક્ષુઓ માટે કહેલાં છે. પ્રભુને શરણે જવાથી ભક્તિની વૃદ્ધિ થાય છે. પ્રભુને શરણે જવાનાં સાધનમાં જેમ જેમ સાધનનો અભ્યાસ પાકો થાય તેમ તેમ ભગવાનનું ત્રણ પ્રકારનું શરણ ઉત્તરોત્તર સ્વરૂપ ધારણ કરે છે : (૧) હું તેનો છું. (૨) ભગવાન મારા જ છે અને (૩) હું તે જ છું. 'હું તેનો છું' અને 'ભગવાન મારા જ છે' એ બે વાક્યો ભેદઉપાસનાના છે. તે પછી ત્રીજી વખતે કહે છે કે 'હું તે જ છું' એમ ત્રણ વિભાગ પાડેલા છે. ભેદઉપાસના કરતાં કરતાં જ્યારે પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત થાય ત્યાર પછી જ સાધક અભેદ ઉપાસના કરવાને લાયક થાય છે. એમ અનુક્રમ બતાવ્યો છે. જો સાધક પહેલેથી વૈરાગ્ય વિના અભેદ ઉપાસના કરવા જાય તો તેમાંથી ચલિત થવાનો સંભવ રહે છે. તેથી મંદ વૈરાગ્યવાળા માટે ભેદઉપાસના બરાબર છે. અને તીવ્ર વૈરાગ્ય પછી જ અભેદ ઉપાસના થાય છે.

ભક્તિની વૃદ્ધિ માટે કહ્યું છે કે ભોજન કરતાં મનુષ્યને જેમ પહેલાં એક ગ્રાસ (કોળિયો) લેતાં સંતોષ, પોષણ અને પછી ભૂખ દૂર થાય છે, તેમ જે પ્રભુને શરણે જાય છે તેને પ્રથમ ભક્તિ, પછી પ્રભુનો અનુભવ અને ત્યાર પછી વિરક્તિ એમ ત્રણ એક જ કાળમાં થાય છે. મેં કેટલાક પુરુષોને જોયેલા છે કે જેમની પહેલાં જે સ્થિતિ હોય તેના કરતાં તેઓ પ્રભુભજન જેમ જેમ કરતાં જાય છે તેમ તેમ તેમને ધન, દોલત, માનપાન, ભોગવિલાસ બધા જ માયિક પદાર્થો ઉપર ધીમે ધીમે અભાવ થતો જાય છે.

'આપણો ધર્મ', પ્ર.આ. પૃ. ૩૧૭ થી ૩૨૦ (સંકલન) ❑

**હરિઃૐ**

**(અનુષ્ટુપ)**

બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળી ભળીએ,
અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !
પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે.
છુપાયેલા પ્રભુને તો છતો કરવા હૃદય જીવીએ !

જવું જ્યાં હોય વિચરજો, અમે બહાલી જ આપી છે,
'કહીં કહીંની જુદી વાતો પડે સમજણ' અનુભવ તે !
બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે.

અમારે તો જીવન જીવવા વસંતે બહાર ખીલી છે !
જીવનનો બહાર કેવોયે પૂરેપૂરો મહાલ્યો છે.

'જીવન અનુભવ ગીત' પ્ર.આ. ૪૧૦, ૪૨૬, ૪૩૬ **-શ્રીમોટા**

## (૬) મોત ઉપર મનન

ફીરોઝ દાવર

જીવન અને મરણ એ સવાર અને રાત જેટલાં જ જરૂરી, ગરમી અને ઠંડી જેટલાં જ ઉપયોગી અને પ્રકાશ અને અંધકાર જેટલાં જ કુદરતી છે. જેમ જીવન વિનાના જગતમાં કશો અર્થ નથી, તેમ મોત વિના પણ ઈશ્વરની યોજના અધૂરી જ રહેત. જે વાર્તાનો અંત નહિ, જે નાટકનો છેડો નહિ અને જે જિંદગીની આખરી નહિ તેમાં કોઈ પ્રકારનો રસકસ અનુભવી શકાય નહિ. એક બુઝુર્ગ અને નાતવાન માણસ માટે મોતના જેવો બીજો આરામ કોઈ નથી. જેમ શાંત ઊંઘમાં પડવાથી આખા દિવસની ફિકરચિંતા અને શારીરિક પીડાઓ થોડા કલાક ભૂલી જવાય છે, તેમ મોત તો જિંદગીભરનાં જંજાળ, જુલમ અને દુઃખમાંથી રાહત આપવા માટે ભગવાને બનાવેલી એક કુદરતી દવા છે.

કોઈ પણ અંત, ફેરફાર કે વિવિધતા વિનાની જિંદગીથી તો સુખી માણસ પણ ધરાઈ જશે, અને તેને તેનું જીવન કંટાળાભર્યું લાગશે. **જેટલો પ્રેમ સર્વવ્યાપી છે તેટલું જ મોત સર્વવ્યાપક છે.** ઈશ્વરની અપાર શક્તિનાં દર્શન કુદરતમાં વ્યાપી રહેલાં બે બળો-ઉત્પત્તિ અને વિનાશ દ્વારા થઈ શકે. ઉત્પત્તિમાંથી વિનાશ અને વિનાશમાંથી ઉત્પત્તિની ક્રિયા નિરંતર ચાલ્યા જ કરે છે. વિનાશ પણ કોઈક બીજા પ્રકારની ઉત્પત્તિમાં દાખલ થવાનો દરવાજો જ છે.

ખરું જોતાં જિંદગીનો અંત હોતો જ નથી. જિંદગીમાં અસ્તિત્વ છે, જ્યારે મોત તો હસ્તી ધરાવતું જ નથી. એક ઓરડામાંથી બીજા ઓરડામાં યા એક શહેરમાંથી બીજા શહેરમાં જતાં માણસ મરણ પામ્યો એમ કહેવાતું નથી, તેમ મરણ પામેલો માણસ આ દુનિયામાંથી એક જુદા જ ભુવનમાં હસ્તી ધરાવી કાર્ય કરી શકે છે, અથવા પોતાનાં કાર્યનાં ફળ ભોગવી શકે છે. માણસ એક શરીરનો ત્યાગ કરી એક અણદીઠ શરીર ધારણ કરે છે, પરંતુ તેમ કરતાં 'મરી જતો' નથી. જો કાંઈ પણ મરતું હોય તો આ નાશવંત શરીર છે. માટે **'મરવું' એને ઠેકાણે 'ગુજરવું' શબ્દ વધુ મુનાસિબ છે,** કેમ કે ફારસીમાં 'ગુજરવું'નો અર્થ માત્ર પસાર થવું એવો થાય છે, અને તે મોતની ખરી ફિલસૂફી સાથે બરાબર બંધ બેસે છે.

મૃત્યુ પછીના જીવનમાં ખુદાની કારવાઈ કાર્ય કરતી અટકી પડતી નથી. સર્વશક્તિમાન પ્રભુની સત્તા મોતના પ્રદેશમાં પણ ચાલતી હોય છે. ખરેખરો ડાહ્યો માણસ તો એ કે જે મોતને માટે હરદમ તૈયાર જ રહે છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવું તે મૂર્ખતાનું લક્ષણ છે, તેમ આયુષ્ય પૂરું થવા આવે ત્યાં સુધી જેણે ખાઈપીને ઉડાવ્યું છે અને ગમે તે પળે દાદાના દરબારમાં હાજર થવાનું તેડું આવી પહોંચશે તે બિનાની જેણે અવગણના કરી છે, તેનામાં નથી કુદરતી જ્ઞાન કે નથી દુનિયાદારીનું ભાન. દુનિયામાં આવ્યા અને જ્યારથી સમજતાં થયા ત્યારથી અહીંથી જવાના માર્ગનો બંદોબસ્ત કરવો જોઈએ, કેમ કે યમદેવ ક્યારે આવી પહોંચશે તે કોઈ જાણી શક્યું નથી. મોત કોઈ પણ ઘડીએ આવી લાગશે

અને વાયદો કે મહેતલ પણ તે સ્વીકારશે નહિ. આ સઘળું જાણવા છતાં તે વિશે બેદરકાર રહેવું કે તેને માટે કશી જ તૈયારી ના કરવી એ ડહાપણ ભર્યું નથી. એક ટૂંકી મુસાફરીએ જવું હોય તો પેટીમાં ગણી ગણીને અનેક વસ્તુઓ મૂકીએ છીએ, પરંતુ મોત પછીની લાંબી અને અતિ અગત્યની મુસાફરી માટે વૃદ્ધાવસ્થા આવી જાય તોપણ લગારે તૈયારી ના કરવી એ ઘોર અજ્ઞાન અને નરી મૂર્ખતા જ છે.

આખો વખત મોતનો વિચાર કરી ગમગીન, નિરાશ અને જિંદગીથી બેદિલ રહેવાની જરૂર નથી.બીજી તરફ સ્થિતપ્રજ્ઞની જેમ મોતનો વિચાર પણ ના કરવો એ બન્નેમાંથી કોઈ દૃષ્ટિબિંદુ યોગ્ય ના હોય. અંધારા ઓરડામાં જતાં બાળક જેમ ડરે છે, તેમ મનુષ્ય મોતથી ડરે છે, પણ તે જગ્યાની માહિતી હોય, જ્ઞાનદીપ હાથમાં હોય તો પછી અંધારી જગ્યામાં જતાં ડરવાનું કોઈ કારણ નથી.

ગુપ્ત જ્ઞાનીઓ અને ઉચ્ચ તબક્કે પહોંચેલા રહસ્યવેત્તાઓ મોત પછીની દુનિયાનું અકલપસંદ જ્ઞાન ધરાવી શકે છે. એટલું જ નહિ પણ આજના જમાનામાં વિજ્ઞાને એટલી પ્રગતિ કરી છે કે અતિઇંદ્રિય અનુભવોનું સંશોધન કરનાર મંડળ તરફથી આપણને બીજી દુનિયા વિશે બહુ જ વિશ્વાપાત્ર અને બુદ્ધિગ્રાહ્ય સંગીન પુરાવા સાથેની માહિતી મળ્યા જ કરે છે. હવે મરનારાંઓ સાથે સંદેશા ચલાવી શકાય છે. જોકે તેમ કરવું ઇષ્ટ છે કે કેમ તે અલગ પ્રશ્ન છે.

મોતની યાદથી માણસ દુર્ગુણ કરતો અટકે છે, બીજાને લૂંટતાં વિચાર કરે છે. પાપનું પોટલું બાંધતાં કંઈક અચકાય છે. **જિંદગીનો નશો ઉતારનાર દવા તે મોત જ છે.** પ્રસિદ્ધ મહારાષ્ટ્રી સંત એકનાથજીએ એક માણસને (સીધા રાહ ઉપર લાવવાના શુભ હેતુથી) કહેલું કે આઠ દિવસ પછી તમારું મૃત્યુ થશે. આ સાંભળીને એ માણસે થાય એટલી ભલાઈ કરવા માંડી, લેણદારોનું દેવું ફેડી દીધું, શત્રુઓ પાસે જઈ ક્ષમા માગી લીધી, જેઓનાં મન તેના કારણે ઊંચાં થયાં હતાં તેમની સાથે સમાધાન કરી દુવા મેળવી. મન, વાચા અને કર્મથી સાત દિવસ અત્યંત પવિત્ર જીવન ગાળી આઠમાં દિવસના પ્રભાતે રામનામ જપતો તે બેઠો. તેટલામાં એકનાથજી તેની ખબર કાઢવા આવ્યા અને તેનું અઠવાડિયું કેમ ગયું તેની પૂછપરછ કરી. એ માણસે કહ્યું, ‘મહારાજ, મોત સામે આવીને ઊભું હોય ત્યારે પાપી વિચાર પણ ના સૂઝે, તો પાપી વર્તન તો શક્ય જ ક્યાંથી બને ?’ મૃત્યુના વિચારથી હું શુદ્ધ થઈ ગયો. મારામાં જે પશુતા હતી તે પ્રભુતામાં ફેરવાઈ ગઈ અને સૌ સાથે પ્રેમભર્યો વ્યવહાર રાખી રાતદિવસ મેં નારાયણના નામનું રટણ કર્યા કર્યું. એકનાથજીએ તેને કહ્યું કે એ પ્રકારનું જીવન હવે શેષ જીવનમાં જોઈતું હોય તો મૃત્યુને સતત દૃષ્ટિ સમક્ષ રાખજો.

ઔષધ કડવું હોય છે પણ રોગ મટાડે છે. મૃત્યુ ત્રાસદાયક હોય તોપણ તેના વિચારમાત્રથી મનુષ્ય પાપ કરતાં અટકે છે. આજના ધમાલિયા યુગમાં હૃદયરોગને કારણે મૃત્યુ ઓચિંતું આવવાના બનાવો બન્યા કરે છે ત્યારે મોત ચોવીસ કલાકમાં જ આવશે એમ માની લઈ પ્રેમમય અને પ્રભુમય જીવન ગાળવું એ જ ઇષ્ટ છે.

‘મોત ઉપર મનન’, ત્રી. આ., પૃ. ૧ ❑

## (૭) આપણે હજી એક કીડીના પગ જેટલું પણ હાલ્યાં નથી

શ્રીમોટા

જીવનને આમતેમ મનમાંનાં તરંગો, વિચારો, વૃત્તિઓ, બુદ્ધિની મડાગાંઠો, ગમા-અણગમા આદિ તથા પ્રાણના ક્ષેત્રની અનેક પ્રકારની લાગણીઓ, કામનાઓ, આશા-ઈચ્છાઓ આદિ આદિથી ફગાવવાથી જીવન જીવદશામાં જ વધારે જકડાવાનું છે, તે નક્કી સમજવાનું છે. તેમ થતાં તો રાગદ્વેષ આદિનાં દ્વંદ્વમાં જ વધારે ને વધારે સપડાયાં કરીશું. તો એવા જીવનમાં તો દુઃખ, સંતાપ, ક્લેશ, અન્યાય, મુશ્કેલીઓ, ત્રાસ, કંટાળો, અનિશ્ચિતતા એવું એવું અનેક પ્રકારનું મનમાં વારંવાર ઊભળ્યા કરવાનું છે.

એકની એક વાત હજાર વાર કહેવી પડે છે, કારણ કે લાખવાર જ્યારે આપણે એમ કહ્યા પ્રમાણે કર્યાં કરીશું ત્યારે કંઈક રાગે પડવાનું છે, એ નક્કી હકીકત છે. તેથી સાધકના દિલમાં કહ્યાનું મહત્ત્વ જાગે તે કાજે તેવાં કહેલાં વચનોને વારંવાર હૃદય સમક્ષ આણ્યાં કરવાં ઘટે. જેના ઉપર પૂરેપૂરો પ્રેમભાવ, આદર-ભાવ, શ્રદ્ધાવિશ્વાસ હૃદયમાં જાગેલાં હોય છે, તેનાં વચનનું હાર્દ, હૃદય એકદમ સ્વીકારી લેતું હોય છે. રોજના વહેવારમાં પણ આપણે તેવું અનુભવેલું છે. પોતે પોતાની સ્વતંત્ર મરજીથી સ્વીકારેલા ગુરુ સાથેનો સંબંધ હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો કેળવાઈ ગયેલો હોય, તો ગુરુને વારંવાર ટોકણી કરવાની પણ જરૂર રહેતી નથી.

જ્યારે પરસ્પરનાં હૃદય સદ્ભાવ અને સત્કારયુક્ત સ્વીકારની ભાવનાથી એકમેળ થયેલ હોય છે ત્યારે સાધકજીવ સાનમાં સમજી જતો હોય છે, કહેલું આચરી બતાવવામાં મૃત્યુની પણ તે પરવા કરતો હોતો નથી. પછી તો સાધક પોતાના સદ્ગુરુના હૃદયના ભાવને સૂક્ષ્મપણે હૃદયમાં પકડી શકતો બની જતો હોય છે.

હૈયાની પકડ જેમાં હોય છે, તેમાં મન સહજપણે રહ્યા કરે છે. ત્યાં પ્રયત્નની પણ જરૂર રહેતી નથી ! અરે ! ઉદ્ભવતી જ નથી. તેવી વેળા સાધના આપોઆપ ચાલ્યા કરે છે. તેવી વેળા કરણોની અશુદ્ધિ બધી જ એકદમ શુદ્ધ થઈને સાધનાના ભાવને યોગ્ય સાધનરૂપ તે તે કરણો બની જતાં હોય છે. ગમે તેવો પ્રખર પુરુષાર્થ કરવાથી જે બનવું શક્ય નથી હોતું તે સાધકની ઉપર જણાવેલી હૃદયની દશા થતાં શક્ય બની જતું હોય છે.

શરણાગતિની ભાવના હૃદયમાં પ્રેમભક્તિ-પૂર્વકની જ્યારે સધાય છે ત્યારે જ સાધનાનું ખરેખરું કામ તો શરૂ થતું હોય છે, તે અનુભવની નક્કર હકીકત છે. તે જોતાં તો **આપણે હજી એક કીડીના પગ જેટલું પણ હાલ્યાં નથી.** તેથી સાધકે ધીરજ ગુમાવવાની નથી. જેવાં સ્વાર્થ અને ગરજ પાક્યાં હશે, તેવું તેનું કામ થવાનું છે, એ તો જાણીતી હકીકત છે. તેમ છતાં આપણે તો જે તે જીવને સાચી હકીકત જણાવતાં રહેવું અને તે પછીથી જો એના હૃદયમાં રામ જાગ્યા હશે, તો તેને જેમ કરવું હોય તેમ ભલે કરે. આ જીવે આવી રીતે જે તે બધું લખેલું છે, તો જ આજે ભાઈ (શ્રી નંદુભાઈ-સં.) બીજા મહાન આત્માનું સાધનાના વિષયનું લખાણ તેમના વાંચવામાં આવતાં તેની સાથે સરખામણી કરી શકે છે અને કહે છે કે, આવું પૂજ્ય મોટાએ તો વારંવાર લખ્યા કરેલું છે. માત્ર આપણી જ ખાટલે ખોડ છે.

પ્રભુકૃપાથી અમે સદાય પરમ સદ્ગુરુનાં ચરણ-કમળની પ્રેમભક્તિજ્ઞાનભાવે ઉત્કટ ઝંખના હૃદયમાં કર્યાં જ કરતા હતા.

'જીવનસોપાન', બી.આ., પૃ. ૩૧૮ ❑

## (૮) અજ્ઞાનીનાં લક્ષણો

**સંત જ્ઞાનેશ્વર**

જેને અજ્ઞાન કહેવામાં આવે છે તેનું વર્ણન પણ લક્ષણો સહિત સ્પષ્ટ કહી સંભળાવું છું. જ્ઞાનનો અભાવ તે જ અજ્ઞાન છે. જ્યાં જ્ઞાન નથી ત્યાં અજ્ઞાનનો જ વાસો છે. તથાપિ અજ્ઞાનનાં કેટલાંક લક્ષણો કહી સંભળાવું છું.

પોતાની પ્રતિષ્ઠાની જ વાટ જોતો જે બેસી રહે છે અને લોકો તરફથી સત્કાર મળે તો જ સંતોષ પામે છે, તથા તેવું માન મળે તો ગર્વથી પર્વતના શિખર ઉપર ચડી જઈને કદાપિ નીચે ઊતરતો નથી એટલે કે નમ્ર થતો નથી, આવા પુરુષમાં પૂર્ણ અજ્ઞાન નિવાસ કરે છે. લોકોમાં તે પોતાનાં કૃત કર્મોની પ્રસિદ્ધિ કરે છે, પોતાને આવડતી વિદ્યાની પોતાના મુખથી પ્રસિદ્ધિ કરે છે અને પોતાને હાથે બનેલાં સત્કૃત્યો જાહેર કરી લોકોને ઢોલ વગાડીને જણાવે છે. આ પ્રમાણે જે કૃત્યોથી પોતાની પ્રતિષ્ઠામાં વધારો થાય તે નિત્ય કરતો રહે છે. દિવસમાં ત્રણવાર સ્નાન કરી અંગે અત્તર વગેરે લગાડી શરીરને શણગારે છે, પરંતુ માનવજાતની કોઈ પણ પ્રકારની સેવા કરવાની ઇચ્છા ધરાવતો નથી. આવો માણસ અજ્ઞાનની ખાણ છે.

જેનાં સ્વાભાવિક આચરણથી પણ જગતને દુઃખ થાય છે, જે સહજતયા ભાષણ કરે, તે પણ મનુષ્યના હૃદયને તીક્ષ્ણ ભાલાની અણીની પેઠે ભેદી નાખે છે અને જેની સર્વ યોજનાઓ ઇતર જનોને વિષ કરતાં પણ અધિક ઘાતક થઈ પડે છે, તેનામાં અજ્ઞાનનો જ નિવાસ છે. તેનું જીવન હિંસાનું જ ઘર છે. ધમણો ફૂંકવાથી જેમ ફૂલે છે અને પવન નીકળી જતાં તે તરત જ દબાઈ જાય છે, તે પ્રમાણે લાભ થવાથી જે ફુલાઈ જાય છે અને હાનિ થતાં જે દુઃખ નિમગ્ન થઈ જાય છે તે અજ્ઞાની છે. લોકો સ્તુતિ કરે, તો જે હર્ષથી ફુલાઈ જાય છે અને કોઈએ થોડી નિંદા કરી હોય તો જે માથું કૂટે છે, આ પ્રમાણે જે માન-અપમાનને સહન કરી શકતો નથી, તેનામાં પૂર્ણ અજ્ઞાનનો નિવાસ હોય છે.

જે મનમાં કંઈ હોય અને મુખ દ્વારા કાંઈ બીજું જ બોલી બતાવે છે અને એકને વચન આપી તેની વિરુદ્ધમાં બીજાને મદદ આપે છે, જે બહારથી પ્રેમમય વર્તન બતાવી, જે ઉત્તમ લોકોની સાથે પણ અંતઃકરણથી વેર રાખે છે અને જેનાં કર્મો કેવળ બહારથી જ ઉત્તમ દેખાય છે, તે મનુષ્યમાં નિઃસંશય અજ્ઞાન છે, એમ નિશ્ચયપૂર્વક સમજવું. ગુરુકુળનું નામ લેતાં જેને લાજ લાગે છે, ગુરુસેવાનો જે તિરસ્કાર કરે છે અને ગુરુની પાસેથી પોતાને જે વિદ્યા પ્રાપ્ત થઈ હોય, છતાં તે વાતને પણ જે માનતો નથી એવા મનુષ્યનું નામ લેવું તે શૂદ્રના ઘરનું અન્નસેવન કર્યા સમાન છે, પરંતુ અજ્ઞાનનાં લક્ષણો કહેતાં ન છૂટકે જ તેનો ઉચ્ચાર કરવો પડે છે.

અજ્ઞાનનાં ઇતર લક્ષણો પણ સાંભળો. જે આળસુ રહીને કર્મ કરતો નથી તથા મનમાં સંશયને ધારણ કરે છે, નિત્યનૈમિત્તિક કર્મો કરવાનાં રહી જાય તોપણ જેને મનમાં ખેદ થતો નથી, પાપાચરણ વિશે જે નિર્લજ્જ હોય છે, તેમ જ દ્રવ્ય પ્રાપ્તિ વિશે પાપ-પુણ્યનો વિચાર કરતો નથી, જેના મનમાં અતિશય વિકલ્પો આવે છે, તે કેવળ અજ્ઞાનનું જ પૂતળું છે.

અલ્પ લાભ માટે પણ જેની બુદ્ધિનું સ્થૈર્ય ડગી જાય છે, ભયના નામમાત્રથી જે ગભરાઈ જાય છે, જે મનોરથના પૂરમાં તણાઈ જાય છે અને દુઃખની વાત સાંભળીને જે વ્યાકુળ થઈ જાય છે, જેની ચંચળતા માંકડાની પેઠે અતિ ચપળ છે તેને

અજ્ઞાની જાણવો. જેના સર્વ પરિશ્રમો કેવળ વિષયોપભોગની પ્રાપ્તિ માટે જ હોય છે અને જેને સકામ કર્મો સિવાય ઇતર કર્મો કરવાં ગમતાં નથી તેનામાં અજ્ઞાનનો પાર નથી.

અજ્ઞાનનાં બીજા પણ કેટલાંક લક્ષણો છે. પોતાના દેહને આત્મા ધારીને જે કર્મો કરે છે, વિદ્યાના જોર ઉપર અને વયના અભિમાન ઉપર આધાર રાખી છાતી કાઢી ધમધમ પગલાં મૂકતો, નાચતો કૂદતો જે ચાલે છે, તેને અજ્ઞાની જાણવો. ઉપરાંત, મારી બરાબરી કરી શકે એવો બીજો કોઈ જ નથી, હું જ સર્વજ્ઞ છું. આ પ્રમાણે જે સર્વ વાતનું અભિમાન કરે છે તે અજ્ઞાની છે. બીજાનું સારું થયેલું જેનાથી સહન કરી શકાતું નથી, જેનામાં વિદ્યા અલ્પ હોય અને દોષો અધિક હોય તેને અજ્ઞાની જાણવો. ગુણવાન મનુષ્યનો મત્સર કરનાર, તપના આચરણથી જેના અંગમાં ઉષ્મતા વ્યાપી રહી છે, જેના દરેક અંગમાં ગર્વનો અકડાટ ભરેલો છે તે અજ્ઞાની છે. ગુણીજનોને ગણકારતો ન હોય તેવા માણસમાં અજ્ઞાનનો દિનપ્રતિદિન વધારો જ થતો જાય છે.

સાંપ્રત જન્મ વિશે તથા ભાવિ જન્મ વિશે અજ્ઞાનીના મનમાં કાંઈ પણ વિચાર ઉત્પન્ન થતા નથી. ગમે ત્યારે પણ મૃત્યુ તો પ્રાપ્ત થનાર હોવા છતાં એ વિશે અજ્ઞાની લેશ પણ વિચાર કરતો નથી. **જીવનરૂપે જ મૃત્યુ આવીને ઊભું હોય છે.** પોતાના પ્રત્યેક પગલાંથી મૃત્યુના સાંનિધ્યમાં જતો હોય છે. દેહ જેમ જેમ વધે અથવા આયુષ્ય જેમ જેમ વધે તેમ તેમ મૃત્યુકાળને એ નિકટ લાવતી જાય છે, એ રહસ્યને ન જાણનાર અજ્ઞાની છે. કોઈ અંધ કે કમરમાંથી વાંકા વળી ગયેલા મનુષ્યની તારુણ્યના મદમાં છકી જઈ તેની મશ્કરી કરે છે, પરંતુ ભવિષ્યમાં આપણી સ્થિતિ પણ એવી જ થવાની છે એમ જે વિચારતો નથી તે પુરુષ અજ્ઞાનનું જ ઘર છે.

વળી, દાનપુણ્ય ન કરતાં પોતાનાં ગોત્રજો તથા કુટુંબીઓ સાથે ધનસંબંધી કપટ કરે છે. માતાપિતા દ્રવ્ય માગે ત્યારે હમણાં પૈસા સિલકમાં નથી એમ કહે છે, પરંતુ સ્ત્રીને માટે જે જે વસ્તુ તે માગે તે લઈ આવે છે. વળી, ઉત્તમ અને મૂલ્યવાન વસ્તુઓ સ્ત્રીને અર્પે અને કુટુંબના બાકી માણસોને નિર્વાહ પૂરતું વસ્તુ પણ આપતા નથી તેને અજ્ઞાની જાણવો. ભક્તિનો ડોળ બતાવી અંદરથી વિષયો પ્રતિ દૃષ્ટિ રાખનાર અને વિષયપ્રાપ્તિ ન થાય તો ભક્તિ છોડી દઈ 'ઈશ્વર ખોટો છે' એમ બોલી ભગવાનના અસ્તિત્વનો અસ્વીકાર કરી એમની અવહેલના કરનાર અજ્ઞાની છે. એક મૂકીને બીજો એમ પુષ્કળ દેવોની સેવા કરે છે, જેની પાસે વિશેષ ઠાઠમાઠ હોય એવા ગુરુ ઉપર શ્રદ્ધા રાખી જે તેની પાસેથી ગુરુમંત્ર લે છે અને સાચા સંતનો ભાવ પણ પૂછતો નથી, પાષાણની મૂર્તિ ઉપર વિશેષ પ્રેમ રાખી, પ્રાણીઓ પ્રત્યે કઠિન શબ્દો બોલી તેમનો તિરસ્કાર કરે છે, તે અજ્ઞાની છે.

ઘરમાં કૃષ્ણની મૂર્તિ પધરાવી, બીજા દેવોની યાત્રા કરનાર, કાર્યપ્રાપ્તિ માટે કુળદેવતાની પૂજા કરી એકાદ પર્વણી આવતાં કોઈ ત્રીજા જ દેવની પૂજા કરનાર, શ્રાદ્ધકાળે પિતરોની પૂજા કરનાર, નાગપંચમીએ નાગની પૂજા કરનાર, ચતુર્થીને દિવસે ગણપતિની અને ચતુર્દશીને દિવસે દેવીની પૂજા કરનાર આ પ્રમાણે જે એકલો જ અનેક દેવોની સેવા કરનાર અજ્ઞાનનો જ અવતાર છે.

'શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા',
વીસમી આ., પૃ. ૪૫૭ ❑

## (૯) હું તો સંન્યાસી છું એટલે સેવક છું

**સ્વામી વિવેકાનંદ**

કોઈ પણ મોટું કાર્ય ધીમે ધીમે ગતિ કરે છે અને મુશ્કેલીઓનો પાર હોતો નથી, તેમાંયે આપણે હિંદીઓ તો બ્રિટિશ સામ્રાજ્યમાં જિતાયેલી પ્રજા છીએ. અને આમ છતાં પણ એ જ કારણે આપણું કાર્ય જરૂર ચાલુ રહેશે, કેમ કે **આધ્યાત્મિક આદર્શો આપવાનું કાર્ય હંમેશાં કચડાયેલી પ્રજાઓએ જ કર્યું છે.** યહૂદીઓએ આધ્યાત્મિક આદર્શોથી જ રોમન સામ્રાજ્યને ભરી દીધું હતું. તમને જાણીને આનંદ થશે કે હું પણ દરરોજ ધૈર્યના અને ખાસ કરીને સહાનુભૂતિના પાઠો શીખી રહ્યો છું. મને લાગે છે કે હવે તો હું અભિમાની 'ઍંગ્લો-ઇન્ડિયન'માં પણ દિવ્યતાનાં દર્શન કરતો જાઉં છું. હું ધારું છું કે ધીમે ધીમે હું એવી અવસ્થાએ પહોંચતો જાઉં છું કે જ્યારે ખુદ શયતાનને પણ-જો એવો કોઈ હોય તો-ચાહવા માટેની મારામાં શક્તિ આવી જશે.

હું વીસ વર્ષનો હતો ત્યારે કશી સહાનુભૂતિની ભાવના વગરનો ચુસ્ત આદર્શઘેલો યુવાન હતો, કલકત્તાના રસ્તામાં થિયેટર બાજુના ફૂટપાથ ઉપર પણ હું ચાલતો નહિ. આજે તેત્રીસ વર્ષની વયે, વેશ્યાઓ સાથે એક જ મકાનમાં હું રહી શકું અને એમને ઠપકાનો એક પણ શબ્દ કહેવાનો વિચાર મને ન આવે. શું હું ઊતરી ગયો છું ? કે પછી ઈશ્વરની મૂર્તિરૂપ વિશ્વપ્રેમની મારામાં વૃદ્ધિ થઈ રહી છે ? વળી, મેં સાંભળ્યું છે કે જો મનુષ્ય પોતાની આસપાસ અનિષ્ટ તત્ત્વનું દર્શન ન કરે તો એ કોઈ શુભ કાર્ય કરી શકે નહિ, અર્થાત્ એ મનુષ્ય એક પ્રકારના પ્રારબ્ધવાદમાં સપડાઈ જાય છે. હું એવું કોઈ અનિષ્ટ તત્ત્વ જોતો નથી. બીજી બાજુ મારી કાર્યશક્તિ વધતી જ જાય છે અને તેનો ભારે પ્રભાવ પડતો જાય છે. મને પ્રતીતિ થાય છે કે અનિષ્ટ તત્ત્વની હસ્તી સ્વીકારવી એ એક ભ્રમણા છે. મારા પ્રતિ જે પ્રેમ અને માયાળુતા દર્શાવાઈ રહ્યા છે, એનો વિચાર કરતાં મને ખરેખર આનંદાશ્રુ આવી જાય છે.

જે નિરવધિ પ્રેમમૂર્તિએ મને સર્જ્યો છે, તેણે જ મારું સારુંનરસું પ્રત્યેક કાર્ય સંભાળી લીધું છે, કારણ કે એમના હાથમાં એક નિમિત્ત સિવાય હું આજે પણ શું છું અને અગાઉ પણ શું હતો ? અને એમની સેવા માટે જ મેં મારું સર્વસ્વ મારાં પ્રિયજનો, મારો આનંદ, મારું જીવન છોડી દીધું છે. એ મારો પ્રિય ખેલાડી છે. હું એનો ગોઠિયો છું. હું એકબે પાઠ અહીં શીખ્યો છું. **પ્રેમનો-પ્રિયનો ભાવ તો તર્ક, વિદ્યા અને વાણીથી પર છે.** જો તમારામાં પૂરતું સત્ત્વ હશે, તો બીજા લોકોને તમે જરૂર ખેંચી શકશો. સ્વતંત્રતા એ મારો મુદ્રાલેખ છે. વ્યક્તિને તાલીમ આપવાની મહત્ત્વાકાંક્ષા સિવાય અન્ય કોઈ મહત્ત્વાકાંક્ષા હું ધરાવતો નથી. હું બહુ થોડું જાણું છું પણ એટલું જરાયે બાકી રાખ્યા વગર હું શીખવું છું. જ્યાં મને સમજ પડતી નથી, ત્યાં હું એવું કબૂલ કરી લઉં છું. **હું તો સંન્યાસી છું, એટલે આ સંસારમાં હું મને પોતાને સેવ્ય નહિ, પણ સેવક સમજું છું.**

સંન્યાસીના જીવનની ભવ્યતા મારી દૃષ્ટિ સામેથી ખસતી નથી. એટલે સંઘ અને સંસ્થા જેવા શબ્દો રુચતા નથી. સંસ્થા માટે સાંસારિક નહિ પણ આધ્યાત્મિક પુરુષોની ખાસ જરૂર હોય છે. માનવપ્રેમથી ઊભરાતા ઉમદા અને પવિત્ર પુરુષો સંઘબદ્ધ થઈને પોતાને પ્રાપ્ત થયેલા સત્યનો ઉપદેશ આપે એ વાંધાજનક નથી.

'જીવનચરિત્ર : સ્વામી વિવેકાનંદ',
પાંચમી આ., પૃ. ૨૦૭

❑

## (૧૦) શ્રીરંગ અવધૂત ભક્તને પ્રત્યક્ષ છે

**શ્રીમોટા**

આધ્યાત્મિક દૃષ્ટિએ ગુજરાતમાં એ (શ્રીરંગ અવધૂત-પૂજ્ય બાપજી) એક મહાન પુરુષ થઈ ગયા. ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માઓ જતા નથી રહેતા. શરીર ન હોય તોપણ એ દર્શન આપે.

ગુજરાતમાં એમને નામથી તો ઘણા જાણતા હતા, પણ અંદરના રામથી બહુ ઓછા જાણતા. એમનામાં જે દૈવત હતું એનો લાભ આપણા ગુજરાતે લીધો નહિ.

ગુજરાતમાં ડાકોર વગેરે તીર્થો તો છે એની ના નહિ, પણ નારેશ્વર તો જીવતુંજાગતું તીર્થ છે. સંતોના વસવાથી તીર્થનું નિર્માણ થાય છે. નારેશ્વર એ મહાન પુરુષના ભારેમાં ભારે તપથી નિર્માણ થયેલું તીર્થ છે. મનબુદ્ધિચિત્ત અહીં એક થઈ જાય ત્યારે ગુરુને આવતાં કંઈ વાર લાગતી નથી. મારો પોતાનો અનુભવ છે. ગુરુ તો દયાળુ હોય છે, કરુણાનિધાન હોય છે.

મહારાજશ્રીને શાસ્ત્રોનો અભ્યાસ ઊંડો. અમારા કૉલેજના દિવસો યાદ આવે છે. એ વખતે પણ એમની પ્રતિભા ખૂબ જ ખીલેલી. એમને સંસ્કૃતમાં ભાષણ કરતા મેં બે વખત સાંભળેલા. **અમારા સંસ્કૃતના પ્રાધ્યાપક કરતાં પણ એમની પ્રતિભા વધુ તેજસ્વી.** એ શીઘ્ર કવિ હતા. વાતવાતમાં અનુષ્ટુપ વગેરે શ્લોકો સંસ્કૃતમાં રચી શકતા. નડિયાદમાં હું તેમને મળ્યો ત્યારે એક સાધુની સાથે તેમને સંસ્કૃતમાં વાર્તાલાપ કરતા ઘણા સમય પછી સાંભળવા મળ્યા હતા.

એ શરીરે મહારાષ્ટ્રીય હતા પણ ગુજરાતી ભાષા ઉપર તેમનો ભારે કાબૂ હતો. ઓગણીસ હજાર દોહરાનો મહાન ગ્રંથ એમણે ગુજરાતી ભાષામાં કાવ્યમાં જ રચ્યો છેને ? એમની શક્તિ વિશે કંઈક કહેવું એ મારા જેવાની શક્તિ બહારનું છે.

આપણા બધાંની નજરે હાલતાં, ચાલતાં, બોલતાં હવે એ શરીરથી નથી રહ્યા, પણ બુદ્ધિથી સમજવું જોઈએ કે રંગ અવધૂત પણ ભાવમંદિરમાં ભગવાનની મૂર્તિની રીતે ભાવનાશીલ ભક્તની આગળ પ્રત્યક્ષ જ છે, પણ ભક્તિ પ્રગટે ક્યારે ? આપણામાંથી રાગદ્વેષાદિ દ્વંદ્વો જાય અને સંપૂર્ણ શરણાગતિ થાય ત્યારે જ.

એ ખૂબ જ વિનોદી હતા. મહાત્મા ગાંધી પણ વિનોદી હતા, એ આજે યાદ આવે છે. અવધૂત જ્યાં જતાં ત્યાં એવા ભળી જતાં કે દૂધમાં સાકર.

તત્ત્વજ્ઞાન, અભેદની દૃષ્ટિએ આપણે બધા મનુષ્યો ગાંડા જ ગણાઈએ ! આપણે આપણી સામે ઝળકી ગયેલા આ હીરાને પારખી શક્યાં નહિ, એમની સાચી કિંમત ન કરી શક્યાં.

એ જીવતું ચેતનાતત્ત્વ જેની ચરણરજ મારા માથા ઉપર. આપણો સૌનો ધર્મ છે કે આપણે એ મહાપુરુષને લાયક બનીએ અને એમનું ઋણ ચૂકવવા હંમેશાં પ્રયત્નશીલ રહીએ.

'શરણાગતનો તારણહાર', પ્ર. આ., પૃ. ૧૯ ❑

## (૧૧) મનુષ્ય સાંપ્રદાયિક બની ગયો છે

**હજૂર સાવનસિંહજી મહારાજ**

સમગ્ર દુનિયા ચિંતા, વ્યથા અને તનાવથી ભરેલી છે. સંતોમહાત્માઓ સિવાય તેમાંથી કોઈ મુક્ત નથી. દુનિયામાં અધ્યાત્મની નાદારીનો આ પુરાવો છે. આ અંધાધૂંધીનું કારણ લોકોમાં રહેલી આંતરિક અશાંતિ છે. દુનિયાએ દરેક દિશામાં પ્રગતિ કરી છે, પણ અધ્યાત્મના ક્ષેત્રમાં લોકો અજ્ઞાત રહ્યા છે. નદીઓ, પહાડો અને મહાસાગરોનું સંશોધન તેમણે કર્યું છે, પણ પોતાની જાતનું સંશોધન કર્યું નથી. આપણે અન્ય વિજ્ઞાન વિશે જાણીએ છીએ પણ આત્મા વિશે કંઈ પણ જાણતાં નથી. આત્મા એક શક્તિ છે, જેને કારણે આપણાં મનબુદ્ધિ કામ કરે છે.

સામાન્ય મનુષ્યને પરમાત્મા કરતાં ધાર્મિક વિધિઓ વધારે અગત્યની છે. ભૂતકાળમાં થઈ ગયેલા કોઈ મહાત્માને માનતો હોય કે તેના ધાર્મિક પુસ્તકમાં શ્રદ્ધા રાખતો હોય એટલા માત્રથી એ માણસ હાલમાં ધાર્મિક ગણાય છે. ધાર્મિક સાંપ્રદાયિકતાના ગઢની અંદર ધાર્મિક ઝનૂન એક મદોન્મત્ત હાથી જેવું છે. બહિર્મુખી ક્રિયાઓ સાચા ધર્મનું સ્થાન લે છે. તેથી ધર્મ જે મનુષ્યના આત્માના વિકાસ માટે સ્થાપવામાં આવ્યો હતો તે તેની જેલ બની ગયો છે. સાંપ્રદાયિકતાથી બદ્ધ વ્યક્તિ પોતાના ધર્મ સિવાય અન્ય ધર્મો કે સંપ્રદાયોના વિચાર સુધ્ધાંને પાપ ગણે છે.અને એ રીતે પોતાના ધર્મનો અને ગ્રંથોનો આદર કરી બીજાઓનો તિરસ્કાર કરે છે.

મનુષ્ય જીવનનો હેતુ માલિક સાથે મેળાપ કરવાનો છે. પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં તેમાં સુખી રહેવાનો અને તેને તેમ જ તેના સર્જનને પ્રેમ કરતાં કરતાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે, પરંતુ પરમાત્મા તરફથી મોં ફેરવીને મનુષ્ય પ્રેમવિહીન અને માણસનો દુશ્મન બની ગયો છે તેમ જ ખોટા સંપ્રદાયોનો રક્ષક બન્યો છે.

આખી દુનિયા સુખશાંતિની શોધમાં છે. ઇન્દ્રિય સુખ ક્ષણિક અને પરિવર્તનશીલ છે. ઇન્દ્રિયો દ્વારા આનંદ મળે છે, કારણ કે આપણું મન તે સુખના વિષયો ઉપર એકાગ્ર થયેલું છે. હાડકું ચાવતા કૂતરાને તેના મોંમાંથી લોહી નીકળે છે. એ પોતાના લોહીના સ્વાદને હાડકાંનો રસ માને છે. આપણે આધ્યાત્મિક સ્ત્રોત સાથે જોડાયેલાં નથી. એટલે આપણને શાંતિ મળતી નથી. એક જ પિતાના સંતાન હોવા છતાં ભાઈ ભાઈ વચ્ચે, જાતિ જાતિ વચ્ચે અને દેશ દેશ વચ્ચે વિખવાદ ઊભા થયા છે.

આજના ધર્મો આપણને પહેલાંના જમાનામાં થઈ ગયેલા મહાત્માઓ જેવા કે ઈસુ, બુદ્ધ, કૃષ્ણ, રામ, કબીર અને ગુરુ નાનક વગેરેની ભક્તિ કરવાનું કહે છે, પણ આ મહાત્માઓએ કેવી રીતે આધ્યાત્મિક ઉન્નતિ કરી અને આપણે પણ કેવી રીતે એ પ્રાપ્ત કરી શકીએ તે તરફ આપણે લક્ષ્ય આપતાં નથી.

**ધર્મ એટલે પરમાત્મા સાથેના મિલનનો માર્ગ.** અંગ્રેજી શબ્દ 'રિલિજિયન' લૅટિન ક્રિયાપદ 'રિલેગેર' ઉપરથી બન્યો છે. તેનો અર્થ બાંધવું અથવા જોડાવું થાય છે. ધર્મ એટલે પરમાત્મા સાથે પુનઃ જોડાવું. પરમાત્માએ મનુષ્યો બનાવ્યા અને

તે પછી સંસારે તેને શીખ, મુસલમાન, ખ્રિસ્તી, બુદ્ધ માર્ગી વગેરે બનાવ્યાં. પાંચસો વર્ષ પહેલાં શીખો ન હતા. તેરસો વર્ષ પહેલાં મુસલમાનો ન હતા અને ત્રણ હજાર વર્ષ પહેલાં બુદ્ધમાર્ગીઓ ન હતા. આર્યોએ હિંદુ ધર્મ સ્થાપ્યો તે પહેલાં ઘણી જાતિઓ રહેતી હતી. મનુષ્ય પૂર્વમાં રહેતા હોય કે પશ્ચિમમાં, સૌ એક છે. અંદર આત્મા રહેલો છે અને **આત્મા ઈશ્વરનો અશંછે.** સંતો કહેછે કે પરમાત્મા શરીરરૂપી મંદિરમાં છે. આત્મા અને પરમાત્મા બન્ને શરીરમાં છે. પણ બન્ને વચ્ચે અહંકારનો પડદો છે અને તેથી આત્મા પરમાત્માને જોઈ શકતો નથી. પરમેશ્વરની પ્રાપ્તિ માટે માણસે પોતાના ધર્મ કે જાતિની તિલાંજલિ આપવાની જરૂર નથી.

આધ્યાત્મિકતાનો ફરી ફરી પ્રચાર કરવો જોઈએ. એ ઘણું અગત્યનું છે. જ્યાં સુધી આપણી અંદર શાંતિ થતી નથી ત્યાં સુધી આપણા આત્માને શાંતિનો અનુભવ થતો નથી. જેમાંથી ‘અંતરનો અવાજ’ અથવા ‘શબ્દ’ ઉત્પન્ન થયો છે તેનો સંપર્ક સાધવાથી આપણો આત્મા શાંતિમાં વિલીન થઈ જાય છે. આ શાંતિની વાસ્તવિકતા છે. પરમાત્માને સમજવા માટે અને તેનો મહિમા ગાવા માટે જે જ્ઞાનનો ઉપયોગ થાય તે જ્ઞાન પવિત્ર અને પ્રશંસાને પાત્ર છે. બીજું બધું જ્ઞાન આપણા અહંકારને બહેકાવી આપણા પતનનું કારણ બને છે.

માત્ર વિચાર કરવાથી આપણે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકીએ નહિ. તે ભક્તિ અને પ્રેમ દ્વારા જ કરી શકીએ. આપણે આપણી અંદરના શુદ્ધ ચૈતન્યમાં મંડળો સુધી પહોંચવું પડશે. પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધવું તેને આધ્યાત્મિક જીવન કહેવામાં આવે છે. ❑

‘સંતમત સિદ્ધાંત’, બી.આ., પૃ. ૩૭

**(અનુસંધાન પેજ નં. ૮ નું ચાલુ)**

ચોથી પ્રતિજ્ઞામાં વધૂ, સ્વચ્છ, પવિત્ર અને શૃંગારથી યુક્ત રહેવાની વાત છે. દાંપત્ય જીવનમાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે. લગ્ન પછી પણ પત્નીએ પતિની પ્રિયતમા બની રહેવાનું હોય છે. પાંચમી પ્રતિજ્ઞામાં વધૂ, સુખદુઃખમાં સમભાગિની બનવાની ખાતરી આપે છે. સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે. દુઃખના પ્રસંગે સ્ત્રી, પુરુષને ધૈર્ય આપે છે. છઠ્ઠા પગલે વધૂ, ઘરનાં બધાં જ કામો આનંદથી કરવાની અને વડીલોની સેવા તેમ જ સગાંસંબંધીઓનો સત્કાર કરવાની પ્રતિજ્ઞા લે છે. સાથોસાથ પતિ તરફથી પોતાને છેતરવામાં ન આવે તેવી પ્રાર્થના પણ કરે છે. **વિશ્વાસ જ દાંપત્ય જીવનનો પાયો છે.** સંશયની એક નાનકડી ચિનગારી સમગ્ર સંસારની વિશાળ ઈમારતને ભસ્મીભૂત કરે છે.

સાતમા પગલે વધૂ કહે છે કે, હું યજ્ઞકાર્યમાં સાથે રહીશ. ધર્મ, અર્થ, કામ સંબંધી કાર્યોમાં સાથે રહેનાર જ પત્ની ગણાય, નહિતર માદા કહેવાય. યજ્ઞ એટલે સત્કાર્ય, ધર્માચરણ પણ મહત્ત્વનું છે. એટલે જ પત્નીને સહધર્મચારિણી જેવું બિરુદ આપવામાં આવ્યું છે.

અગ્નિ, બ્રાહ્મણ, માબાપ અને વડીલોની હાજરીમાં - તેમની સાક્ષીએ વધૂ, પોતાનું જીવન પતિને અર્પણ કરે છે. એ માત્ર શરીર પૂરતું મર્યાદિત ન રહેતાં મન, બુદ્ધિ અને અંતે અહંકારના સમર્પણ સુધી આગળ વધવું જોઈએ. આવું એકત્વ સંસારમાં સંગીત નિર્માણ કરે છે. ❑

‘સંસ્કૃતિ-પૂજન’, ૨૧મી.આ., પૃ. ૩૦૫

## (૧૨) સમયનો સદુપયોગ

**શ્રી કેદારનાથજી**

ઉન્નતિની ઇચ્છા કરનારે પોતાનો થોડોયે વખત નકામો જવા દેવો ન જોઈએ. તેવાએ શક્ય તેટલો સમયનો સદુપયોગ કરવા માટે સતત સાવધ રહેવું જોઈએ. પૈસાની બાબતમાં વ્યવસ્થિતપણે અને કરકસરથી રહેનારા કેટલાયે માણસો વખતના ઉપયોગની બાબતમાં બેદરકાર જોવામાં આવે છે. આધ્યાત્મિક કલ્યાણની પાછળ પડેલા માણસો પણ આ બાબતમાં જાગ્રત હોતા નથી. વ્યાવહારિક કે પારમાર્થિક બાબતમાં વિવેકથી નહિ વર્તનારને કે સાવધ નહિ રહેનારાને કોઈ વખત આખો જન્મારો અનિષ્ટ પરિણામ ભોગવવાં પડે છે.

સમર્થ રામદાસે કહ્યું છે કે એક ક્ષણ પણ નકામી જવા ન દેવી. તેનો સદુપયોગ કરવો એ સદ્‌ભાગ્યનું લક્ષણ છે. આ ઉપરથી લાગે છે કે પોતાના નિર્વાહ માટે જેને રોજે રોજ કંઈક કામ કરવું પડે છે તેને નકામો સમય ગાળવાનો વખત જ મળતો નથી. તેથી તેઓ આ દૃષ્ટિથી ધન્ય છે. જેને પોતાના ગુજરાન માટે મહેનત કરવી પડતી નથી તેવાને કુસંગને લીધે કે કુબુદ્ધિને લીધે અવળે માર્ગે ચડી જવાનો ડર રહે છે. વળી, આવા માણસને બીજા કોઈ સત્કાર્યની કે કોઈ સદ્‌વિદ્યાની રુચિ ન હોય તો વખત પસાર કરવા માટે મનોરંજનના ઉપાયો શોધવા પડે છે અને તેમાં જ કુસંગતિ, કુમિત્ર, ખરાબ ટેવો, વ્યસનો વગેરેને લીધે તેની ઓધગતિ થવાનો સંભવ રહે છે.

માણસનું ચિત્ત સારા કે નરસા કોઈ પણ વિષય વગર લાંબો વખત સાવ ખાલી રહી શકતું નથી. પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સાચો કે કાલ્પનિક સારો કે નરસો કોઈ ને કોઈ વિષય સતત જોઈએ. તેને યોગ્ય વિષય જો આપવામાં ન આવે તો તે અયોગ્ય વિષય ગ્રહણ કરે છે. શ્રેયાર્થી સાધકે હંમેશાં સાવધ રહી પોતાના ચિત્તને સંભાળવું જોઈએ. દોષને કદી પણ નાનો સમજીને તે વિશે નિશ્ચિંત ન રહેવું જોઈએ. એક ઘણું જૂનું સુભાષિત છે કે ‘રોગ, સર્પ, અગ્નિ અને શત્રુને નાના કે નજીવા સમજીને તેની કદી પણ ઉપેક્ષા કરવી નહિ.’ શરૂ શરૂમાં ઉપેક્ષા કરવાથી તે વધે છે અને પછી તેનું નિવારણ કરવાનું કામ ઘણું કઠણ અને કોઈવાર તો અશક્ય પણ થઈ જાય છે. મોટા મોટા વ્યસનીઓ મૂળના જ કંઈ અઠંગ વ્યસની નથી હોતા. વ્યસનની શરૂઆત છેક અલ્પ પ્રમાણથી થયેલી હોય છે. અને જ્યારે થાય છે ત્યારે નવરાશના વખતમાં કુસંગને લીધે તદ્દન સહજપણે થાય છે. ક્યારેક વિવિધતા વિનાના એકસરખી રીતે વહેતા જીવનમાં માણસને અણગમો, કંટાળો, બેચેની કે ઉદાસીનતા જેવું કંઈક લાગે છે, એવે વખતે સારું વાંચન, સારું કામ, સારી સોબત વગેરેથી તેણે વખત ગાળવાનો કે કંટાળો દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

વિષય વગર ચિત્ત રહી શકતું નથી. તે કાળે નવરું મન નખોદ વાળે એવી સ્થિતિ થવાનો જ ઘણે ભાગે ભય હોય છે. તેથી માણસે નવરાશના સમયમાં ખૂબ સાવધ રહેવું જોઈએ. જીવનમાં વિવિધતા માટે તહેવારો, ઉત્સવો, વ્રતો, લગ્નો કે તેના જેવા વ્યક્તિગત, કૌટુંબિક કે સામાજિક આનંદના પ્રસંગો, મિજબાનીઓ, તીર્થયાત્રા, રથયાત્રા, કથાકીર્તનો વગેરે હોય છે, એટલું જ

નહિ પણ મહેમાનોનું આવવું અને આપણે કોઈને ત્યાં મહેમાન તરીકે જવું વગેરે ખૂબ ઉપયોગી થઈ પડે છે. આજકાલ નાટક, સિનેમા, ક્લબ, પાર્ટીઓ, ગાયન-વાદન-નર્તનના કાર્યક્રમો વગેરેથી કંટાળો દૂર કરી જીવનમાં ઉત્સાહ લાવવાની નવી રીતો રૂઢ થતી જાય છે.

સાધુસંપ્રદાયોમાં પણ નવરાશને લીધે અનર્થ થતા આવ્યા છે, એ હજુ પણ ચાલુ છે. કર્મમાર્ગ છોડવાના કારણે વખત કેમ ગાળવો એ નિવૃત્તિપરાયણ લોકો માટે મોટો પ્રશ્ન હોય છે. **ચોવીસે કલાક ઈશ્વરના ચિંતનમાં ગાળવાનું શક્ય હોતું નથી.** તેથી નવરાશના સમય દરમિયાન ભાંગ, ગાંજો, અફીણ વગેરે વ્યસનોની મદદથી ચિત્તના લયનો અને વખત પસાર કરવાનો ઉપાય શોધી કઢાયો છે, પણ આ માદક દ્રવ્યોનું સેવન ચિત્તને બેહોશ બનાવે છે. એ બેહોશીને ચિત્તની લય અવસ્થા માનવામાં આવે છે. ચિત્તને લીધે જ આસક્તિ, બંધન, કર્મ અને જન્મમરણ વગેરે માણસને વળગેલાં છે, એવી શ્રદ્ધા આપણામાં છે જ. આરોગ્ય, જ્ઞાન, સદ્ભાવ, સદ્ગુણ, સેવા વગેરે સમાજને ઉપયોગી થવાનું સાધુસંપ્રદાયોને ન સૂઝતાં આવાં અનિષ્ટ પરિણામો આવ્યાં છે. તેથી શ્રેયાર્થી સાધકે ક્ષણેક્ષણનો સદુપયોગ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

માણસ સામાજિક પ્રાણી હોવાથી સોબત સિવાય તે એકલો રહી શકતો નથી. એમાંય નવરાશને વખતે એને સોબતની ખાસ જરૂર લાગે છે. પોતાની નવરાશનો વખત સત્સંગમાં ગાળનાર માણસો હોય છે. દરેક માણસે કોઈ સંત, સજ્જનો કે સદાચારી પુરુષનો સંબંધ રાખવો જોઈએ. એ જેને શક્ય ન હોય તેણે કોઈ સન્મિત્રનો સંબંધ તો જરૂર બાંધવો. કુમિત્ર આપણને અધોગતિએ લઈ જાય છે. સન્મિત્રની કિંમત ભારે મોટી છે. **સન્મિત્રના જેવો કલ્યાણકર્તા દુનિયામાં આપણને ભાગ્યે જ મળશે.** તેની સોબતમાં આપણું જીવન અજાણતાં સહેજે ઉન્નત થાય છે, પણ જેની સોબત આપણને પ્રિય લાગે, જેની સોબતમાં આપણને આનંદ આવે તેને સન્મિત્ર ગણવામાં ભૂલ થવાનો સંભવ રહે છે. કલ્યાણપ્રદ માર્ગની રુચિ લગાડનારો મિત્ર જેને મળ્યો હોય તેને અનર્થકારી પ્રવૃત્તિમાં જવાની ધાસ્તી રહેતી નથી. સન્મિત્ર આપણને માનપ્રતિષ્ઠા આપતો નથી કે આપણી પાસેથી તે ઇચ્છતો પણ નથી. આપણા દોષો જાણતો હોવા છતાં તે આપણને ક્ષમા કરે છે, હંમેશાં આપણું શુભચિંતવે છે, દોષોમાંથી આપણને બચાવે છે. મુશ્કેલીમાં અને દુઃખમાં આપણને તે સંભાળે છે. તે આપણા પ્રેમનો ભૂખ્યો હોય છે, છતાં આપણી ખુશામત કે ખોટી પ્રશંસા કરતો નથી. આપણા ક્રોધની કે નારાજીની પરવા કર્યા વિના આપણા દોષોની બાબતમાં આપણને સાવધ કરે છે, ઠપકો આપે છે. હૃદયની નિકટતા, સરળતા અને નિખાલસતા આપણે સન્મિત્ર જેટલી કોઈનીયે સાથે રાખી કે સાધી શકતાં નથી. સમભાવ આવા સન્મિત્ર સાથે જ જીવનમાં સાધી શકીએ છીએ. આવા સન્મિત્ર સાથે જેનું જીવન સમરસ થયું હોય તેનું જીવન સફળ થયું જાણવું. જીવનમાં ઉન્નતિની દૃષ્ટિએ કે સમયની સાર્થકતાની દૃષ્ટિએ સન્મિત્રની ભારે કિંમત છે. એટલે ઓછામાં ઓછો એક સન્મિત્ર તો કરવો જ અને તેની સાથે આખી જિંદગી

સમરસ થઈને રહેવું. પરલોકના કલ્યાણ અર્થે ગુરુથી લાભ થતો હશે, પરંતુ સન્મિત્રથી તો ઈહલોકમાં જ લાભ થાય છે અને થઈ શકે છે. મિત્ર મિત્રમાં એકબીજાની વચ્ચે ગુપ્તતા, કપટ, દંભ કે ધૂર્તતા નથી હોતા. ત્યાં ભય, ભ્રમ, અજ્ઞાન કે ખુશામતને સ્થાન નથી.

સમયનો સદુપયોગ કરવા માટે સત્સંગ, સન્મિત્ર અને સેવા વૃત્તિ હોય તો સત્કર્મોનો તોટો નથી.

'વિવેક અને સાધના', પ્ર. આ., પૃ. ૩૧૯ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ —સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | જયંતીભાઈ એચ. શાહ (જન્મ તા. ૫-૨-૧૯૩૨ નિમિત્તે) જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | ઠાકોરલાલ કાલીદાસ શાહ<br>ધર્મપત્ની શ્રીમતી ઊર્મિલાબહેનની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ (૫-૨) નિમિત્તે સહયોગ | વડોદરા | ૧૧,૧૧૧/- |
| ૩. | એક શ્રીસાંઈરામ ભક્ત તરફથી પ્રભુપ્રીત્યર્થે | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૪. | મદનસિંહ એસ. રાઠોડ (નિવૃત્તિ પેન્શન નિમિત્તે) | ગ્રામભારતી, અમરાપુર | ૫,૦૦૦/- |
| ૫. | શૈલેશભાઈ જે. ગાંધી | સુરત | ૫,૦૦૦/- |
| ૬. | રામભાઈ બેચરદાસ પટેલ (૮૮મા જન્મદિન (તા.૧૨-૧-૧૯૩૦) નિમિત્તે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૭. | શ્રી ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૨,૦૩૭/- |
| ૮. | રાહુલભાઈ ગૌતમભાઈ ભૂતવાલા | સુરત | ૧,૧૧૧/- |
| ૯. | જયંતીલાલ મણિલાલ મહેતા (પોતાની ફર્મ 'શ્રીજી ટ્રેડર્સ'ની અર્ધ શતાબ્દી નિમિત્તે) | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૦. | જયંતીભાઈ જાની (વસંતપંચમી તેમજ સુરત ખાતે જપયજ્ઞને ૧૬ વર્ષ પૂરા થયાં નિમિત્તે) | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૧૧. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૨. | કિરીટભાઈ એન. સરૈયા જન્મ તા. (૨૮-૦૧) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૩. | સદ્ગત ધર્મપત્ની પુષ્પાબહેનની તૃતીય પુણ્યતિથિ (દેહાંત તા.૨૮-૧-૨૦૧૫) નિમિત્તે હસ્તે રણછોડભાઈ હરિભાઈ પંચાલ | નડિયાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | કુસુમબહેન ઉપાધ્યાય | વડોદરા | ૭૫૦/- |
| ૧૫. | જયંતીલાલ મણિલાલ મહેતા<br>(પૌત્રી ચિ. શ્રેયા ગોપાલ B.Com. (Disti) ઉત્તિર્ણ થયા નિમિત્તે) | નરોડા | ૫૦૧/- |
| ૧૬. | રક્ષાબહેન પાર્થભાઈ ઇંગ્રેજી | સુરત | ૫૦૦/- |
| ૧૭. | ડાહ્યાભાઈ મોરારભાઈ પટેલ | કુડસદ | ૨૫૧/- |
| ૧૮. | સૌમીલ પટેલ | લવાછા | ૧૫૧/- |
| ૧૯. | દર્શના પટેલ | ભટરાઈ | ૧૫૧/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

**અમારા યૂકો બૅંકના ખાતામાં સ્વજનો ઈ-બૅંકિંગથી રકમ જમા કરાવે છે, તેની માહિતી અમોને જણાવવા ખાસ વિનંતી છે. - સંપાદક**

નોંધ : જાન્યુઆરી, ૨૦૧૮ના 'હરિભાવ'માં શ્રી અશ્વિનભાઈ અમૃતલાલ ચૌહાણની ભેટનો જે ઉલ્લેખ છે, તે તેઓશ્રીનાં સદ્ગત ધર્મપત્ની હંસાબહેનની પુણ્યસ્મૃતિમાં છે.

# (૧૩) મને લૂંટી લો !

**શ્રીમોટા**

જીવનની દૃષ્ટિ ને વૃત્તિ જગતમાં બહિર્મુખપણે સંકળાયેલી રહેલી છે. તે બધી સંકેલી લઈને અંતર્મુખપણામાં વાળવાની રહે છે. પહેલાં તો પોતાનું સ્વરૂપ કેવું છે તે જાણવાનું છે. ત્યાં બધું પલટાવવામાં કશુંયે બાકી ન રાખો. પ્રભુકૃપાથી જેને હું મારું ધન ગણું છું, તે તમને બધાંને આપવાને હૃદયમાં ભારે ઝંખતો હોઉં છું કે તમે બધાં તે ક્યારે લઈ લેશો ? **મને લૂંટી કેમ લેતાં નથી ?** મારી પાસે જે લક્ષ્મી છે તે તમે બધાં લઈ લો. એમાંનું બધુંય જતું રહેશે તોય તે ખાલી થવાનું નથી. તેવો તે ભંડાર ભરેલો છે, કારણ કે તે પ્રભુએ દીધેલો છે.

**મુનીમ અધૂરો હું તો એનો હજી તોયે બડાશો શી,**
**તમારી આગળે ફેંકું ! પ્રભુજી માફ કરશે તો.**

મારે તો બધાંનાં મનહૃદય જોઈએ છે. દિલ વિના દિલને ચેન ન પડે. **હૃદયનો પ્રેમભાવ એ જ અમારી તો મૂડી છે** ને એની અમારે તો ઘણી ઘણી જરૂર છે. એનો તલસાટ પ્રભુકૃપાથી સેવતાં સેવતાં પ્રભુભાવે બધાં સ્વજનોને હૃદયમાં ઝંખ્યા કરીએ છીએ, કે જેથી કરીને તેઓ જાગવાનાં હોય તો જાગી શકે. તમને બધાંને કોઈનીયે બાબતમાં ઝંખનાનો અનુભવ છે ખરો ? ઝંખનાની ભાવના ઉત્કટ થતાં, જેના વિષયમાં ઝંખના જન્મે છે, તેને આપણી સામે તાદશ કરી દે છે. એનામાં આપણે લય પામી જઈએ છીએ, અને એમ પરસ્પર વચ્ચે એક પ્રકારનું તાદાત્મ્ય જન્મે છે. અને એવી પળે જો સામો જીવ પ્રત્યક્ષપણે તેવી દશામાં થયેલો હોય તો ત્યારે જે લેણદેણ ચાલે છે તે કોઈ ઑર પ્રકારની હોય છે. આ બધું એ બિચારાં સ્વજનો સમજી પણ કેમ શકે ? અને એને હકીકત રૂપે સ્વીકારી પણ કેમ શકે ? હૃદયની પ્રેમની ભાવનાની ઝંખનામાં નિરાશા નથી. એ તો જીવે છે હૃદય કાજે અને ઝંખે છે પણ હૃદય કાજે. પછી એને ચિંતા શાને ? જોકે એ અધીરો બને છે, તેમ છતાં એની અધીરાઈમાં પણ અપાર ધીરજ રહેલી છે. એની ધીરજને મર્યાદા નથી. પ્રભુકૃપાના બળ વડે આ જીવ તો અત્યંત પામર છે. માટે કૃપા કરીને એની વકીલાત કોઈ આગળ કશી કરવાની રહેતી નથી. જે જે સમજુ છે તે તો આજ કે કાલ સમજશે જ ને મારા જેવા ભિખારીને બારણેથી પાછો ઠાલો તો નહિ કાઢે એવી શ્રદ્ધા છે.

આપણે આપણાં મનને, સ્વભાવને, પ્રકૃતિને એકવાર સાચી રીતે પિછાની લેવાનાં છે અને એ કેવાં છે એની ખબર અને સમજ આપણને જો પડી ગઈ અને પ્રભુકૃપાથી જો એમાંથી ઊંચે આવવાનું એટલે કે તેને પરિવર્તન કરવાનું જો આપણને દિલ થયું તો તે બાબતમાં જે યોગ્ય હશે તે પણ કરવાનું દિલ થશે. જે પોતાને બરાબર ઓળખી શકે છે તે બીજાને પણ બરાબર ઓળખી શકવાનું છે. આમ થાય તો જીવનમાં સુમેળ સાધવામાં આપણે અરસપરસ રીતે યોગ્ય ભાગ જરૂર ભજવી શકવાનાં છીએ. બાકી ક્લેશ-કંકાસ કર્યે કદી કશું વળવાનું નથી. ઊલટાં આપણે વધારે અળખામણાં થઈ પડવાનાં.

મારા હૃદયના પ્રયત્નોમાં પૂરતો સાથ, સહાનુભૂતિ, હૂંફ, પ્રેમભાવ, મનહૃદયની તેવી ભાવના તેમ જ કદરવૃત્તિ, શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્સાહ વગેરે મને મળતાં નથી એ મારી ફરિયાદ છે અને તે મારું કમનસીબ છે. છતાંયે આ જીવે તો હિંમત હારવાની નથી અને ધીરજ પણ ખોઈ બેસવાની નથી. તમે ગમે તેમ વર્તો, ધારો, માનો, કલ્પો, ચીડ, ગુસ્સો, ક્રોધ ગમે તે રાખો તોયે એણે તો એના ધર્મ પ્રમાણે જ વર્તવાનું રહ્યું, કારણ કે એને ગરજ છે.

'જીવનમંથન', પ્ર. આ., પૃ. ૭૦ ❑

## (૧૪) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી પ્રેમાનંદ સરસ્વતી**

*(ગતાંકથી આગળ)*

હું છેલ્લાં પચીસ વર્ષથી સંન્યાસી જીવન જીવું છું. (નર્મદા પરિક્રમા સમયનો આ ઉલ્લેખ છે-સં) ઘણાય સંતો-મહંતો-ભક્તો-કહેવાતા સિદ્ધોને મળ્યો છું. ક્યાંય મન ઠર્યું નથી. માત્ર ત્રણ મહાપુરુષો માટે મારું મન ગૌરવ અનુભવે છે. એક ગોંડલના નાથાબાપા (પૂ.ભાઈ), બીજા મુંબઈના શ્રી મકરંદભાઈ અને ત્રીજા નેમાવરવાસી શ્રી વિશ્વપ્રકાશ બ્રહ્મચારી બાબા.

હું એમ નથી કહેતો કે દુનિયામાં આ સિવાય કોઈ મહાન નથી. આ ધરતી પર અનેક સંતો ઠેરઠેર પડ્યા છે, મેં જે અનુભવ્યું અને મને જે સમજાયું, મારા મન પર જેમની સચ્ચાઈ, પવિત્રતા, પૂર્ણતાની છાપ છે, એની આ વાત છે.

તા.૩-૧૧ની બુધવારની વહેલી સવારે પૂ. શ્રી બ્રહ્મચારીબાબા અમને દર્શન આપવા અને વિદાય આપવા અમારે ઉતારે પધાર્યા. અમારા હાથમાં એક એક ફળ આપ્યું. ગુરુપૂર્ણિમા સિવાય ક્યારેય કોઈને તેઓશ્રી ચરણસ્પર્શ કરવા દેતા નથી. છતાંય જ્યારે અમે સજળનેત્રે એમનાં ચરણોમાં મસ્તક નમાવ્યું. ત્યારે બાલસુલભ ભાવે, ઉદાર ચિત્તે તેઓશ્રી અમને જોઈ રહ્યા. એમનાં નેત્રોમાંથી અમી વરસી રહ્યું હતું. દ્વારકાની રાજ્યલક્ષ્મી છોડી એક ફાટી પોતડીએ સુદામા વિદાય થયેલા તેમ અહીંનું બધુંય અહીં છોડી અમે આગળ પગલાં ઉપાડ્યાં.

આમ તો આ જીવ યાત્રી જ છે. કેટલાંય ખોળિયાં બદલતાં તે અનંતકાળથી યાત્રા કરી જ રહ્યો છે. જ્યાં લગી સ્વરૂપમાં એની સ્થિતિ નહિ થાય ત્યાં સુધી એ યાત્રા અવિરત ચાલ્યા કરવાની.

હિમાલયનાં શિખરો પર સૂર્યપ્રકાશ પડતાં જેમ વાદળાં આળસ મરડીને ઊઠે તેમ દશેરા બાદ પરકમ્માવાસીઓ આમતેમ હરતાં-ફરતાં થઈ જાય છે. રાજા ગોપીચંદ કેટલી સહેલાઈથી રાજમહેલ છોડી ચાલી નીકળ્યા, તેટલી સહેલાઈથી યાત્રીઓ ધર્મશાળા છોડી ચાલી નીકળે છે, કેમ કે આ ધર્મશાળા છે, એ મારી નથી માટે. આ ઇમારતમાં રહેતા હતા ત્યાં સુધી બીજો કોઈ યાત્રી આવે તો પગ પહોળા કરી, ‘આ મારી જગ્યા છે, ત્યાં સામે જાઓ’ એમ કહેતા હતા અને હવે કોઈ પાછું વાળીનેય જોતું નથી, કે પેલી ઇમારતનું અને પોતે રોકેલી જગ્યાનું શું થશે ?

ઉગમણી દિશાએ ઉષા આદિત્યના આગમનમાં ગુલાલ ઉડાડી રહી હતી, ત્યારે **સાપ કાંચળી છોડીને ચાલે તેમ અમે નેમાવર છોડી ચાલી નીકળ્યા.**

સાડાચાર મહિના કરેલો આરામ આજે કઠતો હતો. પગ મુલાયમ બની ગયા હતા. પગ તળે સ્પર્શતા કાંકરા અકળાવતા હતા. આગળ શિયાળો આવે છે તેથી પાગરણ વધારેલું અને મારી પાસે મારો તેમ જ મનસુખાનો એમ બે સામાન હોવાથી મારો દેખાવ છાલકાં લાદેલા ગધેડા જેવો હતો.

ત્રણ-ચાર કિ.મિ. પર મહાન સંત શ્રી આત્મારામ બાબાનું સમાધિસ્થાન છે. પહેલો મુકામ ત્યાં ફરજિયાત છે. ઈ.સ. ૧૮૨૭માં તેઓશ્રીએ ૧૦૧ વર્ષની ઉંમરે અહીં જીવતાં સમાધિ લીધેલી. એમની પુણ્યતિથિએ અહીં મોટો મેળો ભરાય છે. અહીં સંગમ છે. સંગમમાં શિવલિંગ યુક્ત એક ઓટલો છે. લોકમાન્યતા છે કે માતાનો વધ કર્યાના પાપથી મુક્ત થવા શ્રી પરશુરામે અહીં તપ કરેલું. અહીંથી નેમાવરની ગવાલ ટેકરી અને તેની ઉપર પેલું ભગ્ન મંદિર દેખાય છે. સાસરે જતી દીકરી બાપના ગામ સામું જોઈ રડી પડે તેમ પૂજ્યશ્રી બ્રહ્મચારી બાબાના નેમાવર તરફ જોતાં અમારી આંખ ભીની થઈ ગઈ. પતિના સહવાસનો આનંદ

દીકરીને બાપનું ઘર છોડવાનું બળ આપે છે. તેમ યાત્રા પૂરી કરવાની હામ અમને નેમાવરનું અને પૂજ્યશ્રીનું સાંનિધ્ય છોડાવી શકી.

મહાપુરુષનો જન્મ સાધારણ માણસ જેવો જ હોય છે, પણ મૃત્યુ એમની જીવનભરની સાધનાનો સરવાળો હોય છે. એમની સમાધિ બીજાને પ્રેરણારૂપ બને છે.

બીજી સવારે અમે મેલઘાટ છોડી આગળ રવાના થયા. હવે નેમાવર દેખાતું બંધ થયું. માથા ઉપરવટ વધેલી જુવાર તેના દાણાસભર લોથાના ભારથી કમાન બની અમારા માર્ગમાં શોભતી હતી. તુવેર-કપાસ-તલના છોડવાઓ હવાને લીધે એવી રીતે ડોલતા હતા કે જાણે હરિયાળી નૃત્ય કરતી હોય. ખેતરની વાડનાં છીંડામાંથી પસાર થતી વખતે અમને ભૂલેશ્વર (મુંબઈ-સં)ની ભીડ સારી લાગતી હતી. બન્ને ખભે ભરાવેલા મોટા થેલાઓ સાથે હું ઊભા પાકમાં ચાલતો ત્યારે જાણે બુલડોઝર ચાલતું હોય એમ લાગતું. ક્યારે હું મસ્તીમાં આવી જતો અને છલાંગું મારી મારા મિત્રોને મનોરંજન કરાવતો.

મુંબઈથી અમે ચાર જણા નીકળેલા, એમાં નેમાવરથી નીકળતાં બીજા છ ભળ્યા. એટલે અમારી ટોળી દશની થઈ. એમાં જે રૂડી જેવી એક સ્ત્રી હોઈ ભવૈયાની ટોળી જેવો અમારો દેખાવ થયેલો.

ગ્રામ્યલક્ષ્મીના હાથે વલોવાયેલી તાજી છાસ અમને સુલભ હતી. તેમાં નવનીતની સોડમ આવતી. છાસમાં ગોળ કે મીઠું નાખી અમે ઉજાણી કરતા આગળ વધતા હતા.

છીપાનેરના પાદરમાં પ્રવેશતાં જ એક ગૃહસ્થે અમને ભોજનનું નિમંત્રણ આપ્યું. આજે રસોઈની ખટપટ ટળી એમ માની સૌનો થાક ઊતરી ગયો. આ ગામમાં એટલા બધાં ઝાડવાં છે કે એક ઘરથી બીજું ઘર દેખાવું મુશ્કેલ છે. કદાચ એથી જ આ ગામનું નામ છુપાનેર પરથી છીપાનેર પડ્યું હશે. **નર્મદાજીના કિનારે પ્રસિદ્ધ સંત શ્રીદાદા ધૂનીવાલાની અહીં ધૂણી છે. અમે ત્યાં ઉતારો રાખ્યો.**

અમે ઉતાવળુ ચાલીએ છીએ એટલે કેટલાક તો વહેલામોડા છૂટા પડવાના જ. છીપાનેરથી અમારે નીલકંઠ પહોંચવું હતું. અંતર વધુ નથી પણ ઝાઝા મતમાં મારગ ખોયો અને ભટકી ભટકી થાક્યા ત્યારે માંડ નીલકંઠ હાથ આવ્યું.

સૌએ પોતપોતાનાં મંગળા માંડ્યા છે. કોઈ પાણી લાવવાની પેરવી કરે છે, કોઈ કરઠિયાં ગોતે છે. આ ભાઈસાહેબ વડ નીચે બેસી મિત્રોની આ બધી લીલા નીરખે છે. બળતણ ભેજવાળું છે, ધુમાડામાં આંખો લાલ થઈ છે. જેમતેમ સૌએ દાળ-રોટી બનાવી. સૌ પોતપોતાના દેવતાને ભોગ ધરાવે છે. કોઈ નર્મદાજીને નૈવેદ્ય અર્પણ કરી રહ્યું છે. મારે આ બધી જ મથામણમાં પડવું નથી, પણ એનું મોંઘું મૂલ્ય મારે ચૂકવવું પડે છે. રસ્તે ચાલતાં વધુ વજન મારી પર લાદવામાં આવે છે. હું જતન કરું છું કે ઉઠાવને બંદા ! ગધેડાનો અવતાર ભવિષ્યમાં લેવો નહિ પડે. મિત્રો મને ભોજન માટે સાદ પાડે છે. હું સૌ ભેળો ભોજનમાં ભળું છું.

હવે ઘાસના ઊંચાં મેદાનો આવે છે. જીવજંતુ તથા સાપના ભયથી મિત્રોનું મન કચવાય છે. પણ શું થાય ? આ કંઈ અમારો કાયમી નિવાસ નથી. સાંજે નીલકંઠ પહોંચ્યા. અહીં સાધુઓનો અખાડો છે. પણ મહંતશ્રી તુંબડા જેવા છે. એટલે કિનારે એક ધર્મશાળા છે ત્યાં રામાનંદ નામના સંત મળ્યા. તેમણે અમને ઉતારો આપ્યો. એક સંત પંદર વર્ષથી નર્મદાજીની પરિક્રમા કરી રહ્યા છે ! ધન્ય છે તેમની નિષ્ઠાને. (ક્રમશ....)

'શ્રી નર્મદામૈયાની પરિક્રમા', બી. આ., પૃ.૯૮ ❑



શ્રીબાળયોગી મહારાજ



શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી

(અનુષ્ટુપ)

સુયોગ્ય ચઢવા અર્થે સીડી શ્રીસદ્ગુરુ જ છે,
જેના તે પૂર્ણ આધારે આકાશેય ચઢાય છે.
પ્રત્યક્ષ ચેતનાનું તે સાક્ષાત પ્રતિબિંબ છે,
નિરાકાર છતાં પાછો સાકાર જ્ઞાનરૂપ તે.

સદ્ગુરુ શક્તિને ભાવે શરણ એકવાર જો,
પૂરેપૂરા થયેલા હો, છેડો મૂકી કદી ન દે,
કેવા લબડધક્કે તે લેવરાવી કળે કળે
-કાઢી નાંખી બધો છાલ, ઠેકાણે પદ પાડશે !

'શ્રીસદ્ગુરુ' પ્ર. આ.

શ્રીમોટા

**HARIBHAV, FEBRUARY - 2018**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



શ્રીઉપાસનીબાબા

શ્રીસાંઈબાબા



(અનુષ્ટુપ)

ગુરુ શરીર ના માત્ર તણખો ચેતનનો જ છે,
एने શરીર જે માને, જાણ્યું ના ગુરુ તત્ત્વને
શ્રીસદ્ગુરુનું સાચું તે ત્યારે સ્વરૂપ હોય જે,
દ્વંદ્વાતીત, ગુણાતીત, કાયાતીત, સ્થળાતીત તે.

ए જેવો વળગેલો રહે, તેવું તો કોઈથી કદી
-વળગી ના શકાતું છે, કેવો તે દૃઢ દિલથી !
આપણે જઈએ ભૂલી, કિંતુ તે નથી ભૂલતો,
एनो સંબંધ જીવંતો અખંડ, અકબંધ શો !

'શ્રીસદ્ગુરુ' પ્ર. આ.

શ્રીમોટા

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com